**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૪-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન ૨૫૧-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. **૨૫૧-૦૦** (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧. ફોન : ૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Ma from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧.

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# ❀ અનુક્રમણિકા ❀


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| જીવનનો પુણ્ય પ્રવાસ | પૂ. યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| પવિત્રતા | સ્વામી પ્રકાશાનંદજી | ૧૧ |
| કર્પૂરવનમાં સ્નેહયજ્ઞમાં પાંચમા દિવસે જાણ્યું ને માણ્યું | ડો. બી. જે. જાગાણી | ૧૪ |
| Heavenly Abode for Seven Day | Niti G. Bhatt | ૨૦ |
| સાત દિવસનો સ્વર્ગીય આવાસમાં નિવાસ | નારાયણ હ. જાની | ૨૩ |
| માણસ ઇન્દ્રિયોનો સ્વામી કે ગુલામ? | કલ્પેશ સોની | ૨૭ |
| અધ્યાત્મ સાધનાનો આરંભ | લક્ષ્મેશ જોષી | ૩૦ |
| આદર્શ દૃષ્ટાંતમાળા | સ્વ. પંડિત શિવપ્રસાદ દલપતરામ | ૩૫ |
| પૂ. શ્રી યોગેશ્વરજીના પ્રવચનનો સંક્ષેપ | ડો. બી. જે જાગાણી | ૪૧ |
| માતૃભાવે પ્રસાદની વહેંચણી | તંત્રી | ૪૬ |
| શ્રદ્ધાનું બળ ને અહમ્‌નું નિરસન | નારાયણ હ. જાની | ૪૭ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૫૪ |

## ❃ અભિનંદનીય સહાય ❃

વરસોથી વિદેશમાં વસતા વસતા, સમૃદ્ધિનાં શિખરો સર કરતાં કરતાં, દાનની ગંગા વહાવતા વહાવતા, મહર્ષિ અરવિંદના શ્રી ચરણે શ્રદ્ધા ધારતા ધારતા, મા સર્વેશ્વરીના જીવન અને કાર્ય-ને ધ્યાનથી જોતા જોતા ગૃહસ્થભક્ત શ્રી ડી. એમ. બી. આ અંકને આર્થિક સહ-યોગ ધરી સામે ચાલીને સર્વમંગલના સાચા સ્વજન બની રહ્યા છે.

ધન્યવાદ, હે ગૃહસ્થી ભક્ત, આપના શુભ સંકલ્પને, પરિવાર સાથે આપ સર્વ-પ્રકારે મંગલ પામો.

—મા સર્વેશ્વરી



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૫ જુલાઈ—૨૦૦૪ અંક ૧૦

# જીવનનો પુણ્ય પ્રવાસ

શ્રી યોગેશ્વરજી

પ્રવાસનો પંથ અને એમાંય પર્વતીય પ્રદેશના પ્રવાસનો પંથ ધાર્યા જેટલો સરળ નથી હોતો. એમાં અનેક પ્રકારની આકસ્મિક અણધારી આપત્તિઓ આવે છે. પ્રવાસીને એમનો સસ્મિત સામનો કરીને એમાંથી માર્ગ કાઢવો પડે છે....અમે બદરીનાથની યાત્રામાં જોશીમઠથી મોટરમાં આગળ વધ્યા ત્યારે સંધ્યાનો સમય સમીપ હતો. થોડીવારમાં તો સંધ્યાની સુરખી આકાશના આંગણમાં છવાવા લાગી. એવે વખતે પ્રવાસ કરવાનું પ્રવાસી ભાગ્યે જ પસંદ કરે. અમારા સાથીઓએ પણ સ્વાભાવિક રીતે જ પસંદ ના કર્યું. કિન્તુ મારી ઈચ્છા બદરી-નાથ પહોંચીને ત્યાંના પુણ્ય પ્રદેશમાં વિશ્રામ કરવાની હોવાથી સૌ મને કે કમને આગળ વધ્યાં. અમારી બંને ટેક્ષીઓ જોશી-મઠથી નીચે ઊતરતી આગળ વધી. પાંચેક મિનિટનું અંતર

કપાયું ત્યાં તો અમારા ટેક્ષી ડ્રાઈવરે ટેક્ષીને બ્રેક મારીને બૂમ પાડી કે 'ખતમ મરી ગયા!' એ ગભરાઈ ગયો, નાહિંમત બન્યો. સમીપવર્તી પર્વતપરથી એક મોટો તોતિંગ શિલાખંડ નીચે પડ્યો. અને અમારા માર્ગને રોકીને ઉભો રહ્યો. ડ્રાઈવરે જો સમય સૂચકતા વાપરીને બ્રેક ના મારી હોત તો એના આઘાતથી અમારી મોટરના ફુરચેફુરચાં ઉડી જાત, અથવા મોટર નીચે ગંગામાં પડત.

બન્ને ટેક્ષીઓ રસ્તામાં અટકી પડી. આજુબાજુ અંધકારના ઓળા ઊતરવા માંડ્યા. હવે શું કરવું? આગળ વધવાની મુશ્કેલી હતી. અને એ પર્વતીય માર્ગે પાછળ પણ જઇ શકાય તેમ ન હતું. મેં સૌને પ્રાર્થના કરવાની સૂચના કરી. એવે વખતે પ્રાર્થના કોણ કરે? સૌનાં મન વિક્ષિપ્ત હતાં. મેં શાતિપૂર્વક સર્વેશ્વર પરમાત્મામાં શ્રદ્ધાભક્તિ સહિત, એમના અસાધારણ અનુગ્રહ માટે પ્રાર્થના કરી. ત્યાં તો ચમત્કાર બન્યો. હા, એને ચમત્કાર જ કહી શકાય. અમે જે પથ પરથી પસાર થઈને આગળ વધેલાં તે પર્વત પથ પર દૂર કેટલાક મજૂર જેવા માણસો દેખાયા. અમારી પ્રાર્થનાને માન્ય રાખીને એ દેવદૂતની જેમ અમારી પાસે પહોંચી ગયા. એમણે એમનાં ઓજારોથી પેલા પાષાણખંડને પથની એક બાજુએ ખસેડી દીધો. એ પછી અમારી મોટરો આગળ વધી. મેં અને અન્ય સૌએ સર્વેશ્વર પરમાત્માનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

જીવનના પુણ્ય પ્રવાસનું પણ ઓછેવત્તે અંશે એવું જ છે. એ પુણ્ય પ્રવાસ સદાને સારુ સરળ, સુખસભર, શાંતિમય નથી હોતો. એમાં પારવિનાની પ્રતિકૂળતાઓ, પ્રલોભનો, પરિતાપો, પીડાઓ આવ્યાં કરે છે. પાષાણો પથરાયા હોય છે કે



પડે છે. એમાં મખમલની મુલાયમ જાજમો નથી બિછાવી હોતી. ગુલાબો ક્વચિત્ અને કંટક જ અધિક હોય છે. છાયા સ્વલ્પ અને તાપની માત્રા વિશેષ હોય છે. તો પણ જીવનના એવા જટિલ પુણ્ય પ્રવાસમાં નિરાશ થવાનું, ના હિંમત બનવાનું કે નાસીપાસ થવાનું નથી.

પારવિનાની પ્રતિકૂળતાઓ, પીડાઓ, પ્રલોભનો, પ્રવૃત્તિઓ અને અનેકવિધ અવરોધોની વચ્ચેથી પણ મનને બનતું મક્કમ કે મજબૂત રાખીને સર્વેશ્વર પરમાત્માનું શરણ લેતાં ને સ્મરણ કરતાં આગળ વધીએ તો પ્રતિકૂળતાઓને પાર કરીને પ્રવાસને પ્રશાંતિપૂર્વક પૂરો કરી શકીએ. જીવનના જટિલ પ્રવાસને સાચા અર્થમાં પુણ્ય પ્રવાસ કરીએ.

○

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

આજે નૂતનવર્ષ, જેથી શ્રી સુરેશભાઇ ને વિમળાબેને પૂ. શ્રીની ખાસ આરતી ઉતારી પ્રણામ કરીને સુરેશભાઇ ભાવ-વિભોર બનીને પૂ. શ્રીના શ્રી ચરણોમાં માથુ મૂકી રડી પડ્યા. પૂ. શ્રીએ આશીર્વાદ આપ્યા. પૂ. શ્રીને સુરેશભાઇએ એક રેશમી શાલ અર્પણ કરી. સર્વેશ્વરીને સાડી આપનાર હતા, પણ નિયમોની જાણ કરી જેથી પૈસાનું કવર અર્પણ કર્યુ. પણ સર્વેશ્વરી તેનો પણ અસ્વીકાર કર્યો.

પૂ. શ્રીને પણ શાલ સાથે એક કવર અર્પણ કર્યું. પૂ. શ્રીએ તેઓની ભાવનાને માન આપી એમાંથી એક બે નોટ લઇ કવર પાછું આપી દીધું. પૂ. શ્રીએ સૌ સુખી થાઓ, એવા આશીર્વાદ આપ્યા.

આજે કાર્યક્રમ શરૂ થયો. નૂતનવર્ષની થોડી વાતો કરી જેમાં શ્રી દયાનંદ સરસ્વતી ને સ્વામી રામતીર્થનાં શરીર શાંત થયાં, તે દીવાળીને દિવસે જ. તેનો પણ ઉલ્લેખ કરી કહ્યું, ‘‘જીવન નૂતન બનો. સુખી બનો. શાંતિ પામો. જીવનને સમજો. કોરો ચેક પ્રભુએ આપ્યો છે.’’

એક શાકભાજીવાળાને કોઇએ કોરી ચેકબુક સહીવાળી આપી. તેમાં પેલો શાકભાજીવાળો શાકનો હિસાબ લખીને ઉપયોગ કરતો હતો. કોઈકે કહ્યું, ‘‘આ શું કરો છો?’’ ‘‘હિસાબ લખું છું.’’ ‘‘અરે, આ તો ચેકબુક છે!’’

આપણને પણ એવો કોરો ચેક જીવનનો મળ્યો છે. આપણે



શું લખ્યું એમાં? ખાધું, પીધું, ફર્યા, કોઈવાર સારું બોલ્યા, ઝઘડ્યા, છોકરાં થયાં.

જીવનનો એ કોરો ચેક એ રીતે બગાડ્યો. ‘‘નર કરણી કરે તો નરકા નારાયણ હોય.’’

નારાયણ થવા પ્રમાદ છોડવો પડશે. નિયમો બનાવવા પડશે, હું એવા આશીર્વાદ ન આપું કે વધુ કમાઓ.

બધા કમાય જ છે ને! અહીં રહેવા માટે તે જરૂરી છે. પણ એવી કમાણી કરો જે ચાલવાનું થાય ત્યારે કામ આવે. એટલે ખરી કમાણી છે તે કમાઓ.

હવે મારી વાત પૂરી થઇ હવે કોઇને પ્રશ્ન પૂછવા હોય તો પૂછો.

એટલે શ્રી અજીતભાઇએ પ્રશ્ન પૂછ્યો.

પ્રશ્ન : અધર્મ જ્યારે વ્યાપે ત્યારે પ્રભુ પ્રગટે છે તો પ્રગટશે ખરા?

પૂ. શ્રી : તમારો સંદેશો ભગવાનને પહોંચાડીશ. પણ એક નાની વાત કરું. ભગવાન કૃષ્ણ જ્યારે જગતમાં આવ્યા ત્યારે બધાએ જ ઓળખ્યા? કંસ, શિશુપાલે ઓળખ્યા? અર્જુને ઓળખ્યા પણ તે ઘણા મોડા ઓળખ્યા. દુર્યોધને ન ઓળખ્યા. તો ભીષ્મ પિતામહે પણ છેલ્લે જ ઓળખ્યા. તો ઓળખ્યા કોણે? આ મંદિરો બાંધનારે પણ ઓળખ્યા ન હતા. ગોપીઓએ ઓળખ્યા, પણ તેના પતિઓએ ભગવાનને ન ઓળખ્યા.

જુઓને, હમણાં જ પ્રભુ જેવા સંતો આવ્યા ને ગયા. એટલે આપણી ભૂમિકા તૈયાર કરો, જેથી ભગવાન આવે તો ઓળખી શકાય.

પ્રશ્ન : જે જે મહાપુરુષો અમર છે તે તે જીવનમાં શાંતિ આપી શકે?

પૂ. શ્રી : હા. સાધકોને મદદ કરે છે, શાંતિ આપે છે. સ્થૂળ શરીર છોડી દે પણ સૂક્ષ્મ શરીરે રહીને તે મદદ કરે.

પ્રશ્ન : 'પ્રકાશના પંથે'માં આપે એવા સંતોને જોયા છે તે વાંચ્યું, પણ આવા સૂક્ષ્મરૂપે રહેનારા અમર આત્માને જોયા છે?

પૂ. શ્રી : હા. હજારો વર્ષો જૂના નારદજીને જોયા. સંત જ્ઞાનેશ્વરને જોયા. સ્વામી નારાયણને જોયા. સંતરામ મહારાજના દર્શન કર્યાં છે. તો મંજુસર ગયા તો મુકુટરામ મહારાજ સાથે વાતો થઈ.

અમારી જ્યારે પણ ઈચ્છા થાય ત્યારે તે તે સંતોને મળી શકાય છે. જો તે તે સંતોનો જન્મ ન થયો હોય તો, તરત જ પ્રગટ થઈ જાય.

પ્રશ્ન : સામાન્ય માનવના મૃત્યુ પછી ૧૨ દિવસ શોક પાળે તો તે આત્મા ક્યાં રહે છે?

પ્રશ્ન : સ્વપ્નમાં સંતદર્શન થાય તો તે સારું ગણાય?

પ્રશ્ન : શરીરમાં આત્મા ક્યાં રહે છે તેનું ચોક્કસ સ્થાન ક્યાં છે?

પ્રશ્ન : ધ્યાન જ્યોતિનું ધરવું હોય તો ક્યાં ધરવું?

આ પ્રશ્નોના ઉત્તર પૂ. શ્રીએ વિગતવાર આપ્યા. જેની નોંધ આ અંકના પાના ૪૪–૪૫ પર છે.

કાર્યક્રમ પૂર્ણ થયો. પૂ. શ્રીએ દૂધ ને મમરાનો હળવો નાસ્તો કરી આરામ કર્યો.

આજકાલ સર્વેશ્વરી મુકુટરામ મહારાજનું ચરિત્ર મુકુટ



લીલામૃતનું વાચન કરે છે. ૧૯૨૫ માં છપાયેલું જૂનું પુસ્તક સર્વેશ્વરી વાંચે છે.

તે સંતોની શક્તિઓ જેવી જ પૂ. શ્રીમાં પણ શક્તિ છે. એવું મનોમન સરખામણી કરવાનું બન્યા કરે છે.

આજે ભારતથી છૂટા પડ્યે ૮૨ દિવસ થઈ ગયા. જોત-જોતામાં ત્રણ મહિના થઈ જશે.

આ વિદેશની ધરતી ઉપર ભૌતિક સુખસંપત્તિ ઘણી પણ લોકોના સંસ્કારો, આચાર વિચાર, ભાગ્યે જ ભારતીય સંસ્કૃતિ પ્રમાણેના રહ્યા છે, એ જોઈને દુઃખ થયા કરે છે.

(ક્રમશઃ)

**સંગ નહિ કરવાયોગ્ય માણસ**

જેનો સ્વભાવ જાણવામાં ન હોય, તથા જેનું કુળ કે રહેવાનું સ્થાન પણ જાણવામાં ન હોય તેનો સંગ કરવો નહિ.

**અધ્યાત્મ રજત જયંતિ વર્ષના અભિનંદન**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩

# પવિત્રતા

સ્વામી પ્રકાશાનંદજી

પવિત્રતાના સંબંધમાં પારસભાગમાં લખ્યું છે કે 'જેવા મને વિરક્ત પ્રિય છે તેવા જ પ્રિય અપવિત્ર જીવ પણ છે. આ પવિત્રતા શરીર કે વસ્ત્રની નથી. જે પવિત્રતા જળથી થાય છે તે અતિ સ્થૂળ છે.'

પવિત્રતા ચાર પ્રકારની છે : એક જીવાત્માની પવિત્રતા. એનો અર્થ એ છે કે અનાત્મ પદાર્થથી ભિન્ન થઈ, સર્વ પદાર્થોનું વિસ્મરણ કરી, ભગવત્સ્વરૂપમાં ચિત્ત લીન કરવું. આ અવસ્થા મહાપુરુષોની છે.

બીજી હૃદયની પવિત્રતા છે. એનો અર્થ એ છે કે, મલિન સ્વભાવોથી દૂર થવું. ઈર્ષા, અભિમાન, પાખંડ, તૃષ્ણા વગેરે બૂરા સ્વભાવોનો ત્યાગ કરી, નમ્રતા, સંયમ, ત્યાગ, ધૈર્ય ઈત્યાદિ શુભ સ્વભાવોનું પાલન કરવું.

ત્રીજી પવિત્રતા સર્વ ઈન્દ્રિયોને પાપોથી દૂર રાખી, તેમનો સંયમ કરી સંતજનોની આજ્ઞામાં રાખવી. આ પવિત્રતા સાત્ત્વિક મનુષ્યની છે.

ચોથી પવિત્રતા વસ્ત્રો, શરીર વગેરેને શુદ્ધ રાખવાની છે. આ સ્થૂળ પવિત્રતા તો સર્વત્ર પ્રસિદ્ધ જ છે. સર્વદા શરીરની પવિત્રતામાં લાગ્યા રહેવું, એ મહા અધમતા છે; કારણ કે તે સુગમ છે, તેથી મન પણ પ્રસન્ન રહે છે; અને સર્વ કોઈ એને પવિત્ર માને છે.

મનની પવિત્રતામાં સ્થૂળ સુખ મળતું નથી, તેમ બીજાં



એને જાણી પણ શકતા નથી. એ સૂક્ષ્મ છે અને એને ભગવાન માત્ર જાણે છે, તેથી તેના પર મનુષ્યની પ્રીતિ નથી થતી; એટલે સાધારણ મનુષ્ય એને કષ્ટસાધ્ય જાણે છે. આમ છતાં શરીરની પવિત્રતા યુક્તિથી કરે, તો તે યોગ્ય કહેવાય.

પ્રથમ યુક્તિ એ કહેવાય કે, તેને માટે જેટલી શુભ ક્રિયા છે, તેનો ત્યાગ ન કરે. જેમ કે વિદ્યાભ્યાસ કરવો, સંતજનોનાં વચનો વિચારવાં, શરીર અને સંબંધીજનો માટે શુદ્ધ આજીવિકાનો ઉદ્યમ કરવો, કોઈ પાસે કાંઈ યાચના ના કરવી વગેરે. આવાં કામોનો પણ ત્યાગ કરી નાહવા–ધોવામાં વધારે વખત ગુમાવવો ન જોઈએ.

બીજી યુક્તિ એ છે કે, કપટ અને અભિમાનથી પોતાને બચાવવો. જેની વૃત્તિ બાહ્યશૌચ પર ઘણી છે, તે સ્વાભાવિક રીતે પોતાને મોટો પવિત્ર સમજે છે; અને તેથી અભિમાની થઈ જાય છે. અકસ્માત્ કાંઈ ખરાબ પદાર્થપર તેનો પગ પડે, તો બીજાની નિંદાનો ભય રાખે છે.

સ્થૂળ પવિત્રતાની કીર્તિના દંભથી બુદ્ધિ નાશ પામે છે. દંભ અને કપટનો ત્યાગ કરવા માટે સ્થૂળ પવિત્રતાનો ત્યાગ કરવો સારો છે.

ત્રીજી યુક્તિ એ છે કે, સર્વદા અધિક સંશયમાં આસક્ત ન થવું. ચોથી યુક્તિ એ છે કે, જે પવિત્રતાથી બીજાને દુઃખ થાય તેનો અવશ્ય ત્યાગ કરવો; કારણ કે જીવોને દુભવવા એ મહાપાપ છે. સ્થૂળ પવિત્રતાના ત્યાગમાં કાંઈ જ નથી. જેમ કોઈ મિત્ર ભેટવા જતો હોય તેનો અનાદર કરીએ તો તે પાપ છે. મિત્રને ભાવથી ભેટવું એ પણ પવિત્રતાથી વિશેષ છે. કોઈ આપણા આસન ઉપર પગ મૂકે કે વાસણમાંથી પાણી લે તો

ગ્લાનિ નહીં લાવવી અને તેનો તિરસ્કાર પણ કરવો નહીં.

કઠોર વચન સામાનું હૃદય દુભવે છે. તેથી એવી પવિત્રતા પાપરૂપ છે. એવી ક્રિયાથી અભિમાન આવે છે અને એમ લાગે છે કે, લોકો પર જાણે પોતે ઉપકાર ન કરતો હોય! એવાનું હૃદય ક્રોધ અને અભિમાનથી અપવિત્ર થઇ જાય છે. શરીર-શુદ્ધિ કરતાં હૃદયશુદ્ધિ અધિક આવશ્યક છે.

પાંચમી યુક્તિ એ છે કે, જેમ શરીર શુદ્ધ રાખવું તેમ આહાર, વ્યવહાર અને વચન શુદ્ધ રાખવાં; કારણ કે એ શુદ્ધતા વાસણ અને શરીરની શુદ્ધતાથી અધિક છે, કોઇ મનુષ્ય હાથપગ ઘણા ધુએ, પણ ભૂખ વિના ખાય તો તે અણસમજણ છે; કારણ કે ભૂખ વિના ખાવું એ અપવિત્રતા છે. પછી હાથપગ ધોવાથી શું?

છઠ્ઠી યુક્તિ એ છે કે, પવિત્રતાની ક્રિયામાં એવો આસક્ત ન થાય કે, જેથી બીજા કાર્યની હાનિ થાય. જેમ કે પોતે નાહવા–ધોવામાં રોકાઇ જવાથી બીજાને આશા આપી હોય તેને વખત ન મળવાથી ચિરકાળપર્યંત આશામાં રાખે અને તેથી દુઃખી થાય તો એ પવિત્રતા નિંદ્ય છે. પોતાની આજીવિકા અને ઉત્પન્ન પ્રમાણે બીજાનું કાર્ય અવશ્ય કરવું જોઇએ. આવી રીતે સ્થૂળ અને સૂક્ષ્મ પવિત્રતાનો ભેદ સમજવો અને સૂક્ષ્મ પવિત્રતા વિષે અધિક પુરુષાર્થ કરવો.

○



### કર્પૂરવનમાં સ્નેહયજ્ઞમાં

# પાંચમા દિવસે જાણ્યું ને માણ્યું

ડૉ. બી. જે. જાગાણી

સ્નેહયજ્ઞમાં ચાર દિવસ તો પાણી વેગે પસાર થઇ ગયા. પૂ. માની સંનિધિ છે ને તપ્ત જીવોને મળતી શીતળતા એ એનું પરિણામ છે.

સાધક હોય કે વિદ્યાર્થી, કલાકાર હોય કે વક્તા, પ્રોફેસર હોય કે ઓફિસર, ઉદ્યોગપતિ હોય કે ગૃહિણી હોય, સૌ કોઇ અહીં (કર્પૂરવનમાં) સ્નેહયજ્ઞમાં સ્નેહથી ભીંજાઇને અનંતકોટિ જન્મોનો થાક ઉતારે છે. હજારો કિલોમીટરનો પ્રવાસ ખેડીને આવતાં મોટાં શરીરધારી પક્ષીઓ જ્યારે એક મોટા સરોવરના કિનારે બેસીને પાણીને પીએ, ખોરાક લે ને ગીતના ગૂંજનથી આખાય આકાશને ભરી દે ને પાંખો પસારીને થાક ઉતારે તેવું નયનરમ્ય દૃશ્ય અહીં નજર સમક્ષ ખડું થઇ જાય છે. પૂ. મારૂપી અમૃત સરોવરના કિનારે જીવરૂપ સૌ પક્ષીઓ (સાધકો) પોતાની જીવન યાત્રાનો થાક ઉતારે છે ને તેઓ ક્યાંથી આવ્યા હતા ને ક્યાં જવાના છે તેનો ખ્યાલ નથી, પણ એટલો ખ્યાલ છે કે પૂ. માના દર્શન કરીને ધન્ય થવાનું છે.

કર્પૂરવનમાં એક બાજુ ગામ છે, વચ્ચે એક રોડ પસાર થાય છે ને બીજી બાજુ સ્નેહયજ્ઞનું સ્થળ છે. રસ્તો ક્રોસ કરતી વખતે પસાર થતાં કેટલાય લોકો કુતૂહલથી સાધકોની અવરજવરને જુએ છે. આટલો માનવ મહેરામણ કેમ અહીં છે? આવો પ્રશ્ન સહેજે થઇ આવે છે. આ દૃશ્યને માણતા સાધકો પણ જાણે પોતાનું સર્વકાંઇ ભૂલી ગયાં હોય તેમ જણાય છે.

તા. ૨૭–૧૨–૨૦૦૩ ની વહેલી પ્રભાતે દરરોજની જેમ સૂર્યનારાયણ સૌને દર્શન આપે તે પહેલાં પ્રભાતફેરીનો પ્રારંભ થાય છે. શ્રી વામનભાઈના ઘેર સૌ એકત્ર થઈને, દર્શન કરીને, પ્રસાદી લઈને સંકીર્તન કરતા કરતા સ્નેહયજ્ઞના સ્થાન પર આવે છે. ઠંડી ખૂબ હતી છતાં પણ શંખનાદથી સૌ એટલા બધા આનંદમાં આવી જતા હતા કે જાણે કોઈ અલૌકિક દેશમાં માત્રને માત્ર આનંદ લૂંટવા જવાનું ન હોય, તેમ સૌ કોઈ ગેલમાં આવી જતા હતા.

સવારે ૮–૦૦ કલાકે પ્રભાતની બેઠકમાં પૂ. મા પધારે છે. શ્રી સંજયભાઈ ને વીણાબેન પૂ. માની આરતી ઉતારે છે. પૂ. માની સાથે કૌશલ, રાધિકા, જગદીપભાઈ, નયનાબેન, રમેશ-ભાઈ, શારદાબેન, નારણભાઈ, સાવિત્રીબેન, પાર્થ, પૂજા, સુશીલાબેન વગેરે ચાલે છે. પૂ. મા સ્ટેજપર પધારે છે. પૂ. શ્રીના સ્વરૂપને પ્રણામ કરે છે. પછી યજમાન પરિવાર પૂ. માને પ્રણામ કરે છે.

આજે કપૂરા મહિલા મંડળનાં પ્રમુખ શ્રી રતનમા પૂ. શ્રીના સ્વરૂપને પુષ્પહાર અર્પણ કરે છે ને પૂ. માને પણ પુષ્પહાર અર્પણ કરી એક શાલ ઓઢાડી પોતાના હૃદયમાં પડેલા ભાવો અભિવ્યક્ત કરતાં કહે છે કે ‘કપૂરા ગામ ધન્ય થયું છે. પૂ. માએ ખૂબ તપ કર્યું છે, ખૂબ આગળ વધો, તમને ધન્ય છે.’ ઓછા બોલાં ને જૈફ ઉંમરનાં મહિલા મંડળનાં આ પ્રમુખનાં થોડા વાક્યો આશીર્વાદથી ભરેલાં હતાં. પૂ. માની આધ્યાત્મિક પ્રગતિ જોઈને ધન્યતા ને ગૌરવ અનુભવતાં હતાં. નાનાં કે મોટાં સૌ કર્પૂરવનમાં પૂ. મા માટે ગૌરવ અનુભવતાં હોય છે કે આપણાં આ મા વિશ્વમાં કેટલાં બધાં નામાંકિત થયાં છે ને કેટલાંયના જીવનમાં પ્રકાશ ધર્યો છે. કેટલાંયને શીતળતા આપી



છે ને કેટલાંયને પથપ્રદર્શન કર્યું છે. આ તબક્કે શ્રીમતી નયના-બેન શ્રી રતનબેનનું પુષ્પગુચ્છથી સ્વાગત કરે છે ને યજમાન પરિવાર વતી આભાર વ્યક્ત કરે છે.

આ બધું સ્ટેજ પર ઘટના સ્વરૂપે ઘટી રહ્યું છે ત્યારે કૌશલની બાજુમાં પૂ. મા ઊભાં રહીને સ્લેટ પર લખે છે કે ‘આ (કૌશલ) અમારા પરિવારનો ફક્ત સાડા છ વર્ષનો બાળ છે. એ અમેરિકાથી આ પર્વ માટે ખાસ આવ્યો છે. પણ હવે પ્લેઈનમાં ભારતથી મમ્મી પપ્પા વગર એકલો અમેરિકા જવાનો છે. નાનકડી ઉંમરે ભારત એકલા આવવું ને અમેરિકા એકલા જવું એ પણ આ પર્વની એક વિશેષતા છે. ફરી સૌ કૌશલને તાલી પાડી વધાવે.’ પૂ. માના એ વિધાન પછી સૌ તાલીઓના ગડગડાટથી કૌશલને પ્રોત્સાહન આપે છે. પૂ. મા કૌશલને હાર પહેરાવીને આશીર્વાદ આપે છે. યજમાન પરિવાર હવે સ્ટેજની નીચે પોતાની જગ્યાપર આવે છે. પૂ. મા શરીરની ઠંડી ઊડાડવા સ્ટેજ પર હળવી કસરતો બતાવે છે. સૌ સાધકો પણ આ કસરતમાં સહભાગી બની ઠંડી ઉડાડે છે. ૬૧ મા વર્ષમાં પ્રવેશેલાં પૂ. મા આ હળવી કસરતો બતાવે છે, ત્યારે ખૂબ સ્ફૂર્તિલાં ને ઓછી ઉંમરનાં જણાય છે. ઠંડી ખૂબ છે, પણ આ હળવી કસરતથી સૌ હૂંફાળા બની જાય છે. હવે પૂ. માની સાથે સૌ અર્ધા કલાક સુધી પ્રણામ કરે છે.

પૂ. માનાં ૬૦ વર્ષ પૂર્ણ થયાં એટલે પરદેશના સાધકોએ પરદેશમાં પૂ. માના ચરણોમાં કેવી કેવી સાધના કરીને અર્પણ કરી, તેની આછેરી ઝલકનું વર્ણન રજુ થાય છે.

પરદેશના બાળકોએ પૂ. માના ૬૦ વર્ષ નિમિત્તે ૬૦,૦૦૦ પ્રણામ કર્યા.

શ્રી હર્ષદભાઈ તલાટીએ ૬૯૭૨ બાવની કરી.

કેનેડાનું યુથ રજા હોય કે રવિવાર હોય, ચાર દિવસમાં ધ્રુવ, અર્જુન, નિત્યા (ઉં.—૬ વર્ષ) અને ઉમા (ઉં.—૫ વર્ષ) એ ચારેય બાળકોએ ૭૬,૫૧૮ પ્રણામ કર્યા. શ્રી અંબાલાલભાઈ લાડ જેવા વડિલોએ ૧૧,૩૪૮ પ્રણામ કર્યા. ન્યુજર્સિના નાટક મંડળે ૬૦,૦૦૦ પ્રણામ એક વર્ષમાં કર્યાં. કેનેડાના યુથ સેન્ટરે રક્તદાન કર્યું. પૂ. માના ૬૦ વર્ષ નિમિત્તે સહુએ ઘણી સરસ સાધના કરી તેનો આ આછેરો ઉલ્લેખ છે.

આજે પ્રણામની પ્રભાતની બેઠક પૂર્ણ થઈ પછી ૧૧૧ સાધકોએ રક્તદાન કર્યું. પૂ. મા આ રક્તદાન કાર્યક્રમમાં પ્રેરણા આપવા ને આશીર્વાદ આપવા પધારે છે. શાળાના હોલમાં વ્યારાથી બ્લડબેંકના ભાઈઓ આવે છે. સાધકોનું વજન, બી.પી. મપાય છે. સૌની શારીરિક ક્ષમતાની તપાસ થાય છે. પરદેશથી આવેલા શ્રીમતી નીરુબેન મિસ્ત્રી પણ બહેનોનું બી. પી. માપીને પોતાની સેવાઓ આપે છે. ૯ થી ૧૨.૩૦ સુધીના સમયગાળામાં ૧૧૧ સાધકોએ બ્લડ ડોનેટ કર્યું ને સૌએ ગૌરવની લાગણી અનુભવી કે 'અમે પણ કર્પૂરવનમાં પૂ. માની ઉપસ્થિતિમાં બ્લડનું દાન કરેલું.'

પૂ. માનો પણ કેવો ભાવ! જે જે સાધકોએ રક્તદાન કર્યું હતું તે તે સાધકને સ્ટેજ પર બોલાવી વિશેષ સંકલ્પ કરી પૂ. મા એક એક ચોકલેટ આપે છે. પૂ. મા ચોકલેટ આપે છે ત્યારે પૂ. માના મુખમંડળપર સ્પષ્ટપણે વાંચી શકાતું હતું કે પૂ. માએ સંકલ્પ કર્યો છે કે જે બાળકે રક્તદાન કર્યું છે તેના શરીરમાં જેટલું રક્ત ઓછું થયું હોય તેટલું રક્ત આ ચોકલેટ પ્રસાદ તરીકે લીધા પછી પરત ભરાઈ જજો! રક્તદાનમાં સહભાગી થયા ન હોય તેને આ ચોકલેટ મળી નહીં. મંડપમાં આ ઘટના જોનારાને તો એમ થતું હતું કે અમે આ પ્રસાદથી વંચિત રહ્યા.



ધરપત એટલી કે આ દશ્ય જોવાથી ક્યાં વંચિત રહ્યાં? આ દશ્ય પણ કેટલું રોચક, નયનરમ્ય અને ભક્તિસંપન્ન હતું! પૂ. માની આ દિવ્ય લીલાને સહકોઈ પ્રણામ કરી રહ્યા છે. પછી ભાઈઓ અને બહેનોનો ગ્રુપ ફોટો પૂ. માની ઉપસ્થિતિમાં લેવાય છે એટલે સ્મૃતિ રહે કે સ્નેહયજ્ઞમાં પૂ. મા જેવી મહાનવિભૂતિ સાથે અમે પણ હતા.

એક બાજુ રક્તદાન યજ્ઞ ચાલતો હતો તો બીજી બાજુ સવારની બેઠક પણ ચાલતી હતી. 'સર્વમંગલ'નામની પુસ્તિકા-નું વિમોચન ડો. અરુણિકા દરુ અને ડો. મનોજભાઈ દરુના હસ્તે થાય છે. તેઓએ આ પુસ્તિકાનું સંપાદન કરેલું છે. ન્યૂજર્સિના ધ્યાનકેન્દ્ર દ્વારા આ પુસ્તિકાને આર્થિક સહયોગ મળ્યો હતો. આ ધ્યાનકેન્દ્રના જે જે ભાઈબહેનો અહીં ઉપસ્થિત હતાં તે સૌને પૂ. મા સ્ટેજપર બોલાવે છે ને જાહેરમાં આભાર વ્યક્ત કરે છે. (જે જે સાધકોએ આ પુસ્તિકા માટે આર્થિક સહ-યોગ ધર્યો છે તેની નામાવલિ અગાઉના 'અધ્યાત્મ' માસિકમાં પ્રસિદ્ધ કરેલ છે. એટલે અહીં તેનો ઉલ્લેખ કર્યો નથી.)

ડો. હિમાંશુભાઈ પાઠક અંગ્રેજીમાં યોગ અને આરોગ્ય પર પ્રવચન કરે છે. મીરાંબેન વિવિધ આસનોનું નિદર્શન કરે છે. બપોરે ૧—૦૦ કલાકે સૌ જમવા માટે ભોજનશાળામાં જાય છે.

બપોર પછી ૩—૩૦ થી ૭—૦૦ ના સમયમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થાય છે. તીર્થા વડોદરાના શ્રી જીતુભાઈ ગાંધીની પૌત્રી ને શ્રી ભરતભાઈ ગાંધીની પુત્રી છે. વિદેશનાં બાળકો રસખાનના કૃષણપ્રેમ પર નાટક રજૂ કરે છે. શ્રી સત્યેનભાઈ, ગાર્ગીબેન, તેજલબેન, પાવનભાઈ અને વિકાસભાઈ આ નાટક-નાં પાત્રો છે. આ નાટક ખૂબ જ સરસ રીતે રજૂ થયું ને સૌને ભાવવિભોર કરી દીધાં. બપોરની બેઠકમાં પ્રા. તરલાબેન

દેસાઈએ પૂ. માની લીલાઓ અને જીવનપર પ્રકાશ પાડતું મનનીય પ્રવચન કર્યું. (આ પ્રવચનમાં પૂ. માના ૩૦ જેટલા ઉત્તમ આધ્યાત્મિક ગુણોનું વર્ણન તેઓએ કર્યું, જે ખૂબ રોચક હતું.)

રાત્રિની બેઠકમાં જયુબેન ભક્તે ભારતના ૬૦ મહાન સંતોના વેશમાં નાનાથી મોટા સૌ સાધકોને પાત્ર બનાવી સંતોનો સાદો પરિચય આપ્યો. આ કાર્યક્રમ ખૂબ લાંબો ચાલ્યો. ઠંડી અચાનક એટલી વધારે પડી કે આ કાર્યક્રમ પૂર્ણ થયો કે તરત જ રાત્રે ૧૧–૦૦ કલાકે બેઠક પૂર્ણ કરી, પૂ. મા પોતાના ઉતારા પર પધારે છે ને સૌ સાધકો પણ ‘વંદન કરું પ્રભુ ચરણોમાં આજે.’ પ્રાર્થના કરી સૂંઠની પ્રસાદી લઈને શયન કરવા પોતાના ઉતારા પર જાય છે. ●

**માણસના સદાચાર દુરાચારને જાણનાર કોણ?**

સૂર્ય, ચંદ્રમાં, વાયુ, અગ્નિ, આકાશ, ભૂમિ, જળ, હૃદય, યમરાજ, દિવસ, રાત્રિ, બન્ને સંધ્યા, અને ધર્મ પણ મનુષ્યના દુરાચાર સદાચારને જાણે છે અર્થાત્ કોઈ પણ સારૂનરસુ કર્મ કદી પણ છૂપું રહેતું નથી; કેમ કે તે સર્વના અધિષ્ઠાતા દેવતા, ચૈતન્યરૂપ અને સર્વવ્યાપી હોવાથી, સર્વ જાણે છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮

મોબાઈલ : ૩૧૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# Heavenly Abode for Seven Days

**Niti G. Bhatt**

Dearest MAA,

I bow down at your lotus–like feet. The quest for peace is everlasting in a person’s life. A person dreams of having a house in the heaven that is picturised with clouds and illuminated by sun rays. There is nothing but peace and serenity all around. The dream itself renders joy to the soul engulfed in the worldly desires and activities. Then imagine the extent of happiness, a person experiences if the dream becomes a reality! With the Almighty’s blessings, I have experienced this dream coming true in my life. The divine, graceful presence of MAA, anywhere on earth, makes the place even more peaceful and overwhelming with delight than the heaven of dreams.

The heavenly abode started on 6th May, 2004 when I went to New Jersey to see MAA at Shree Vinodkaka’s place. This was my first trip out of Dallas in my two years of stay in U.S. The clean and quiet atmosphere of the house touched my heart. The first glimpse of MAA with her usual innocent, loving smile filled my mind with solace and bliss. MAA correctly pointed out that it was a totally different world for me. MAA’s love and care for

her children is reflected in various experiences that we have in her presence.

On the very next day of my arrival, after doing pranam, I was sitting downstairs. MAA told me and Sarojmasi to go to the park which was nearby. MAA followed us in the car. The park was very beautiful adorned by a small pond in the centre. It was the pinnacle of absolute inner peace and joy, walking with MAA in the lap of nature. Thereafter, I had a golden opportunity to seat beside MAA in her car and go for a ride to the Indian store. It was like a `Dream Come True' for me.

Throughout the seven days of my stay in New Jersey, MAA gave me quite a number of very nice books to read, all of which centered around `living a life'. I remembered the days when I used to go to Swargarohan and MAA used to give me such nice books to read. This was the first time in my two years of stay in U. S. that I felt homely and cared for. I thank MAA very truly from my heart to give me such a selfless love which I think I don't deserve. I got a chance to know many children of MAA parivaar who stay in U. S. Just like in India, here also the children are very devoted and yearn to be with MAA.

By MAA's grace, I had a chance to see New York



(Times Square, Statue of Liberty, World Trade Center site, Central Park) with one of my friends and a devoted child of MAA, Shipra Amin. That was a wonderful and a great trip.

The days went so fast in the vicinity of my divine mother and I forgot that I have to return to this mortal world from his heavenly abode. I used to think how will the days pass in MAA's absence. Finally, the day came. It was 13th May, 2004. After doing pranam in the morning, MAA called me up. Just like a mother packs up her child's bag with snacks, clothes and money when the child leaves for school, in the same way MAA also packed up my bag with candies, dry fruits, clothes and the list goes on. Tears started falling from my eyes. Her caring eyes blessed me, as if saying, "My child, come again!"

O MAA, your child doesn't deserve so much love. Still your give so much love which fills my heart with love, prayers and attachment for you. Please forgive your child if it has done any mistakes. I always feel that you are with me. Thanks for being with me.

Lastly, I would like to thank Shree Vinodkaka and Sarojmasi for taking care of me like their own child. I yearn to see this heavenly abode again.

Lots of love and pranam,

Your child, **Niti**

# સાત દિવસનો સ્વર્ગીય આવાસમાં નિવાસ

અનુવાદ : **નારાયણ હ. જાની**

[**નોંધ** : કુ. નીતિ ગૌત્તમકુમાર ભટ્ટ (અમદાવાદ) ભારતમાં બી. ઈ. કોમ્પ્યુટર કરીને, અમેરિકાની ડલાસ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ કરવા ગઈ છે. ભણવામાં તે તેજસ્વી છે. પૂ. મહાત્મા યોગેશ્વરજી અને પૂ. મા સર્વેશ્વરીનું સાન્નિધ્ય તેને માતૃપક્ષ તરફથી જન્મ પહેલાંથી પ્રાપ્ત થયેલું છે. વળી તે સંસ્કારી જીવ હોવાથી પૂ. મા પ્રત્યેની તેની શ્રદ્ધાભક્તિ ઉત્તરોત્તર વધતી રહી છે. જેમાં તેની માતા શોભના અને પિતા શ્રી ગૌત્તમભાઈએ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

મા સરસ્વતીની પણ તેના પર કૃપા હોવાથી બેન નીતિના લખાણોમાં તેના હૃદયના ભાવો બહુ સરસ રીતે અભિવ્યક્ત થાય છે. **—તંત્રી**]

વ્હાલાં મા,

આપના ચરણકમળોમાં હું પ્રણામ કરું છું. માણસના જીવનમાં શાન્તિ માટેની ખોજ એ કાયમની છે. માણસ એવું સ્વપ્ન જુએ છે કે સ્વર્ગમાં એનું ઘર હો—જેની આસપાસ સરસ વાદળો ને સૂર્યનાં કિરણો હો. ત્યાં ફક્ત બધે શાન્તિ અને નિર્મળતા હો. આવું એક સ્વપ્ન માત્ર સાંસારિક ઈચ્છાઓ અને પ્રવૃત્તિઓમાં ઘેરાયેલા ને ફસાયેલા જીવને આનંદિત કરી મૂકે છે. તો તમે જરા કલ્પના તો કરો કે એ સ્વપ્ન જો જીવનની વાસ્તવિક ઘટના બને તો એને કેટલો આનંદ થાય! સર્વ શક્તિમાન પ્રભુની કૃપાથી મેં જીવનમાં આવું સ્વપ્ન સાકાર થતું



અનુભવ્યું. અરે, પૂ. માની દિવ્ય અને કૃપાવંત ઉપસ્થિતિ પૃથ્વી પરના કોઈ પણ સ્થળને—સ્વર્ગના પેલા કલ્પિત સ્વપ્નો કરતાં વધારે શાંતિ અને ઉભરાતા આનંદવાળી બનાવવાને સક્ષમ છે.

મારું આ સ્વર્ગીય રોકાણ શ્રી વિનોદભાઈ પટેલને ત્યાં ન્યુજર્સીમાં પૂ. માને મળવા માટે તા. ૬ ઠ્ઠી મે, ૨૦૦૪ ના રોજ ગઈ ત્યારે શરૂ થયું. અમેરિકાના મારા બે વર્ષના વસવાટ દરમ્યાન ડલાસની બહાર જવાનું આ મારું પહેલું પર્યટન હતું. ત્યાં ઘરનું સ્વચ્છ અને શાન્ત વાતાવરણ મારા દિલને સ્પર્શી ગયું. પૂ. માના સદૈવ નિષ્કપટ પ્રેમાળ સ્મિતે મારા અંતરને દિવ્ય આનંદ અને આભારથી ભરી દીધું. પૂ. માએ સાચી રીતે દર્શાવ્યું કે મારે માટે સાચે જ એક તદ્દન ભિન્ન પ્રકારની આ દુનિયા હતી. પૂ. માનો પ્રેમ અને પોતાનાં બાળકો માટેની તેમની કાળજી તેઓની હાજરીમાં થતાં વિવિધ અનુભવોમાં છતી થયા વગર ન રહે.

ત્યાં આવ્યાના બીજા જ દિવસે, પ્રણામ કર્યા પછી હું નીચેના માળે બેઠી હતી, તો મને અને શ્રી સરોજમાસીને નજીકમાં આવેલ પાર્કમાં જઈ આવવા કહ્યું, પૂ. મા અમારી પાછળ ગાડીમાં આવ્યાં. આ બગીચો ખરે જ સુંદર હતો અને વચ્ચે આવેલ નાના તળાવથી તેની શોભામાં ઓર વધારો થતો હતો. કુદરતના ખોળે પૂ. મા સાથે આમ ચાલવું તે અમર્યાદ આંતરિક શાન્તિ અને આનંદના શિખર સમાન હતું. તે પછી, પૂ. માની ગાડીમાં પૂ. માની પાસે બેસીને ભારતીય સ્ટોર પર જવાની સોનેરી તક સાંપડી. મારે માટે તે 'સ્વપ્ન જાણે સત્ય' બની ગયું.

ન્યુ જર્સીના બધા સાતે સાત દિવસના રોકાણ દરમ્યાન, પૂ. મા મને સરસ મજાની ઘણી ચોપડીઓ વાંચવા આપતાં. આ ચોપડીઓના વિષય મુખ્યત્વે “જીવન કેમ જીવવું” તે પરના હતા. ભારતમાં હું જ્યારે સ્વર્ગારોહણમાં જતી, ત્યારે પૂ. મા મને સરસ મજાનાં પુસ્તકો વાંચવા આપતાં, તેની મને સ્મૃતિ થઇ આવી.

અમેરિકામાંના મારા બે વરસના વસવાટ દરમ્યાન આ મારો પહેલો અનુભવ હતો કે જેમાં મને ઘર જેવું આત્મીય વાતાવરણ અને કાળજીભરી સંભાળ જેવું લાગ્યું હોય. પૂ. માનો હું ખૂબ ખૂબ હૃદયપૂર્વક આભાર માનું છું કે મારી પાત્રતા કરતાં આટલો બધો અધિક નિઃસ્વાર્થ પ્રેમ તેઓએ મને આપ્યો છે. વળી મને અહીં અમેરિકા રહેતા પૂ. માના પરિવારના ઘણા બાળકોને ઓળખવાની તક મળી. ભારતની જેમ જ, અહીં પણ તેઓ પૂ. માને સમર્પિત છે અને પૂ. માના સાન્નિધ્યને ઝંખે છે.

પૂ. માની કૃપાથી જ, મને ન્યુયોર્કમાં ‘ટાઈમસ્ક્વેર’ સ્ટેચ્યુ ઓફ લિબર્ટી (સ્વાતંત્ર્યની દેવી) વર્લ્ડ ટ્રેડ સેન્ટરનું સ્થળ, સેન્ટ્રલ પાર્ક વગેરે જોવાની તક મળી. પૂ. માનાં અનન્ય ભક્ત અને મારાં મિત્ર શ્રી શિપ્રા અમીન મને આ સ્થળો જોવા લઇ ગયાં. મારે માટે આ ખરે જ એક યાદગાર અને આશ્ચર્યકારક પ્રવાસ હતો.

પૂ. માના દિવ્ય સાન્નિધ્યમાં દિવસો એટલી ઝડપથી પસાર થઇ ગયા કે હું એ પણ ભૂલી ગઇ કે મારે આ સ્વર્ગીય નિવાસ છોડીને ફરી ભૌતિક દુનિયામાં પાછું ફરવાનું છે. હું વિચારવા લાગી કે હવે પછી પૂ. માની ગેરહાજરીમાં મારા દિવસો કેવી



રીતે પસાર થશે? આખરે એ દિવસ આવી ગયો. ૧૩ મી મે ૨૦૦૪ નો એ દિવસ હતો. સવારના મારા પ્રણામ થઇ ગયા પછી પૂ. માએ મને ઉપર બોલાવી. બાળક જ્યારે શાળાએ જતું હોય ત્યારે તેની મા જે રીતે તેના થેલામાં ખાવાનો નાસ્તો, કપડાં, પૈસા વગેરે ભરી દે તે રીતે જ પૂ. માએ મારા થેલામાં પીપરમીટો, સૂકો મેવો, કપડાં વગેરે–તેમ જ બીજું વધારેય, ભરી દીધું. આ જોઇ મારી આંખમાંથી અશ્રુબિન્દુ ટપકવા માંડ્યાં. પૂ. માની પ્રેમાળ આંખો આશિષ વરસાવતાં જાણે કહી રહી હતી ‘બેટા, ફરી જલ્દી આવજે.’

હે મા, આપનું આ બાળક આપના આટલા બધા પ્રેમને લાયક નથી. છતાં તમે મારા પર આટલો બધો ભાવ વરસાવો છો જેનાથી મારું હૃદય પણ આપના પ્રત્યે અનુરાગ, અનુનય અને આસક્ત બની ખેંચાઇ રહે છે. હે મા, મારાથી જાણે અજાણ્યે કંઇ ભૂલો થઇ હોય તો આપના આ બાળકને આપ ક્ષમા કરજો. હું હંમેશ એ અનુભવું છું કે આપ મારી સાથે જ છો. મારી સાથે હોવા બદલ આપનો ખૂબ આભાર.

છેલ્લે, શ્રી વિનોદભાઇ અને શ્રી સરોજમાસીનો પણ આભાર માની લઉં છું. તેઓએ પણ પોતાના સંતાનની જેમ જ મને સાચવી છે. ફરી આ સ્વર્ગીય આવાસની મુલાકાતની ઝંખના કરતી–

આપની બાળક **નીતિ**ના
ખૂબ પ્રેમપૂર્વકના પ્રણામ.

○

# માણસ ઈન્દ્રિયોનો સ્વામી કે ગુલામ?

કલ્પેશ સોની, વડોદરા.

માણસને મોટરસાયકલ પર સવાર થવાનું ગમે કે મોટર-સાયકલને પોતાના ખભા ઉપર સવાર થવા દેવાનું ગમે? જવાબ સ્પષ્ટ છે કે માણસને મોટરસાયકલ પર સવારી કરવાનું ગમે અને નહિ કે મોટરસાયકલને ખભે ઊંચકીને લઇ જવાનું! એટલું જ નહિ પરંતુ મોટરસાયકલ પોતાના ઈશારે કામ કરતી હોવી જોઇએ, પોતાના કાબૂમાં રહેવી જોઇએ એમ માણસ ઈચ્છે. મોટરસાયકલ, તેના પર સવારી કરનારની મરજી પ્રમાણે દોડતી રહે, મરજી પ્રમાણે ગતિમાં વધઘટ થાય, મરજી પ્રમાણે થોભે એવું દરેક જણ ઈચ્છે છે.

પરંતુ માણસની જ્ઞાનેન્દ્રિયોની બાબતમાં આવું નથી. માણસના આંખ, કાન, નાક, જીભ અને ત્વચારૂપી જે પાંચ ઘોડાઓ શરીરરૂપી રથ સાથે જોડ્યા છે તે માણસના કાબૂમાં નથી. પાંચેય ઈન્દ્રિયો માણસની મરજી પ્રમાણે કાર્ય કરતી નથી. તેથી કહી શકાય કે માણસ તેની પાંચ ઈન્દ્રિય પર સવારી કરતો નથી. પરંતુ ઈન્દ્રિયો માણસ પર સવાર થઇ ગઇ છે. માણસ ઈન્દ્રિય પર સવારી કરે છે કે ઈન્દ્રિયોનો ગુલામ છે? માણસની મરજી પ્રમાણે ઈન્દ્રિયો કાર્ય કરે છે કે માણસ, ઈન્દ્રિયો નચાવે તેમ નાચે છે? મારી આંખ, મારે જે જોવું છે તે મને બતાવે છે કે મારી આંખ મને જે બતાવે છે તે મારે જોવું પડે છે? એ જ રીતે મારા કાન મને જે સાંભળવું છે તે મને સંભળાવે છે કે મારા કાન મને જે સંભળાવે તે મારે સાંભળવું પડે છે. એવું જ અન્ય ઈન્દ્રિયોના બારામાં પૂછી શકાય.

પાંચેય ઈન્દ્રિયો સાથે મન જોડાયેલું હોવાથી 'ઈન્દ્રિયો પર સવારી'નો અર્થ 'મન પર સવારી' એવો થાય. જવાબ સ્પષ્ટ છે કે પાંચ જ્ઞાનેન્દ્રિયોરૂપી ઘોડા, મનરૂપી લગામ, બુદ્ધિરૂપી સારથિ અને શરીરરૂપી રથ આ ચારેય પર આત્મારૂપી માણસ સવાર થયો નથી. પરંતુ આત્મારૂપી માણસ પર આ ચારેય સવાર થઇ ગયાં છે. ઈન્દ્રિયો નિરંકુશ છે, મન બેફામ છે, બુદ્ધિ ભ્રમિત છે અને શરીર ઢસડાય છે, આથી આત્માને સ્વભાવ-(આનંદની)ની અનુભૂતિ થતી નથી. હવે પ્રશ્ન એ છે કે મોટર-સાયકલ ખભા પર ઊંચકીને જવામાં માણસને બોજ લાગે છે અને મોટરસાયકલ પર સવાર થવામાં આનંદ આવે છે. જ્યારે રથનો બોજ ઉપાડવામાં માણસને બોજ કેમ નથી લાગતો? શા માટે માણસ ઘોડારૂપી ઈન્દ્રિયો, લગામરૂપી મન, સારથિરૂપી બુદ્ધિ રથરૂપી શરીર પર સવારી કરીને આનંદ મેળવવાનું પસંદ નથી કરતો? શા માટે તેને રથને ઉપાડવામાં આનંદ આવે છે?



જવાબમાં કહી શકાય કે જન્મજન્માંતરથી માણસ ઈન્દ્રિયો-ની ગુલામી કરતો આવ્યો છે, ઈન્દ્રિયોનો બોજ ઊઠાવતો આવ્યો છે તેથી તેને ઈન્દ્રિયોની ગુલામી કરવામાં બોજ નથી લાગતો, પરંતુ આનંદ આવે છે. ન જોવાનું માણસ જુએ અને અવિવેકીમાં ખપે, માર ખાઇને માનભ્રષ્ટ થાય, ન સાંભળવાનું સાંભળીને વિકૃતિનો શિકાર બને, ન ચાખવાનું ખાઇને રોગ-યુક્ત બને, ન સ્પર્શવાનું હોય તેને સ્પર્શીને પોતાની શક્તિ ગુમાવે, છતાં આ બધું કરવામાં તેને આનંદ આવતો હોય છે. ગુલામને ક્યારેય પોતે ગુલામ હોવા બદલ પોતાના પ્રત્યે ધિક્કાર કે અન્ય સામે ફરિયાદ હોતી નથી. રેલ્વે સ્ટેશન પર બોજ ઊંચકનાર કુલીને, મુસાફરને લાગે તેટલો બોજ લાગતો નથી.

જે દિવસે, જે ક્ષણે ઈન્દ્રિયોની ગુલામી કઠે, બોજ લાગે તે ક્ષણે ઈન્દ્રિયોની ગુલામી કરવાનું ઓછું થવાની શરૂઆત થશે. ઈન્દ્રિયોની ગુલામી જેના માટે સહજ છે તેને ઈન્દ્રિયોની ગુલામી

કરવામાં બોજ કેવી રીતે લાગી શકે? પોતે દીન, હીન, લાચાર, બિચારો, વામણો, ક્ષુદ્ર છે એવો માણસને અનુભવ થતો જ નથી તો ઇન્દ્રિયોની ગુલામી છૂટે કેવી રીતે? અહીંયા ગુરુ—મહાપુરુષ—સંત માણસની નજીક આવે છે. માણસને તેઓ પ્રેમથી પાસે લે છે. માણસ આ વિદ્વાનનું જીવન જુએ છે, તેઓના શબ્દો સાંભળે છે. માણસને આ મહાપુરુષના શબ્દોપર શ્રદ્ધા મૂકવાનું—તેઓના કહેલા રસ્તે ચાલવાનું ગમે છે. એ રસ્તે ચાલતા ચાલતા માણસને પોતાને અનુભવ થાય છે કે પોતે કેવો હલકો છે! પોતાની ક્ષુદ્રતા માણસને કઠે છે. માણસ ગુલામી દૂર કરવા કટિબદ્ધ થાય છે. આ સ્થિતિ માણસની સાધક તરીકે શરૂઆતની સ્થિતિ છે. માણસ તેમાં કેટલો આગળ વધે છે, કેટલી ઝડપથી આગળ વધે છે, રોકાઈ જાય છે કે સાધના ચાલુ રાખે છે તે માણસ પોતે, તેના ગુરુ અને ઈશ્વર સિવાય કોઈ જાણી શકતું નથી. ●

**પ. પૂ. શ્રી યોગેશ્વરજીના જન્મદિનની ઉજવણી**

આ વર્ષે પ. પૂ. યોગેશ્વરજીનો ૮૪ મો જન્મદિન તા. ૧૫- ઓગસ્ટ ૨૦૦૪ ને રવિવારના રોજ આવે છે. સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટે તે દિવસની ઉજવણી અંબાજી ખાતેના સ્વર્ગારોહણમાં કરવા ઠરાવ્યું છે. ગયા વર્ષે પૂ. મા શ્રી સર્વેશ્વરીની ઉપસ્થિતિમાં આધ્યાત્મિક કાર્યક્રમો ઉપરાંત ધ્વજવંદન વગેરે રાષ્ટ્રીય કાર્યક્રમોનો સમાવેશ પણ ઉજવણીમાં કરવામાં આવ્યો હતો. આ વર્ષે પણ તે જ પ્રમાણે આ ઉજવણી થશે.

ભાગ લેવા ઈચ્છતા સાધકોને શનિવારની રાત સુધીમાં અંબાજી પહોંચવા વિનંતિ છે. —તંત્રી



# અધ્યાત્મ સાધનાનો આરંભ

**લક્ષ્મેશ જોષી, અમદાવાદ.**

પ્રાણીમાત્ર સુખને ઈચ્છે છે. માનવ જન્મોસુધી આનંદને સ્ત્રી—પુરુષ—પુત્રાદિમાં, ધનસંગ્રહમાં અને કીર્તિ—પ્રસારમાં શોધે છે. અનંત જન્મો ભટક્યા પછી, પ્રભુકૃપાથી કોઈક ક્ષણે માનવને ભાન થાય છે કે, પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણામાં મળતું સુખ ક્ષણિક અને સુખનો ભ્રમ ઉત્પન્ન કરનારું આભાસી સુખ છે. પછી નિત્ય ટકી રહે તેવા દિવ્ય આનંદ પ્રત્યે અભિમુખ થાય છે. તેથી મનુષ્ય કથા—શ્રવણ, આશ્રમો, સંતો, શાસ્ત્રો તરફ વળે છે. પરંતુ તે ઉત્તમ નિયમોને જાણતો હોવા છતાં તેમને આચરણમાં મૂકી શકતો નથી (અભ્યાસ) અને આભાસી સુખોના આકર્ષણને છોડી શકતો નથી (વૈરાગ્ય). આનું કારણ એ છે કે તેનું મન, વાસનાઓના જાળામાંથી અને રાગ-દ્વેષાદિથી મુક્ત થયું નથી તો ચિત્તને શુદ્ધ કરવા સાધકે કયા બિન્દુથી સાધનાનો આરંભ કરવો એ આ લેખનો પ્રધાન વિષય છે.

પ્રભુકૃપા સિવાય પરમાનંદની પ્રાપ્તિ થવી શક્ય નથી. પ્રભુકૃપા સદા વરસી રહી છે. પરંતુ એ કૃપાને ઝીલવા ઉત્તમ વસ્તુઓને પુનઃ પુનઃ આચરણમાં મુકવી (અભ્યાસ) અને સંસારસુખો પ્રત્યે વિરાગ કેળવવો પડે. જે સાધક આ બે વસ્તુઓ ન કરી શકે તેમના માટે યોગસૂત્રના કર્તા ભગવાન પતંજલિ કરુણા કરીને એક સૂત્ર રચે છે.

**तपःस्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः॥** યો. સૂ. ૨—૧.

આ સૂત્રમાં ત્રણ પદાર્થો છે—(૧) તપ, (૨) સ્વાધ્યાય અને

(૩) ઈશ્વર—પ્રણિધાન—ઈશ્વરને સમર્પણ. આ સૂત્ર ઉપરના વ્યાસભાષ્યમાં કહે છે કે, વ્યુત્થિત (ચંચલ) ચિત્તવાળો સાધક પણ યોગ સાધી શકે તે માટે આ સૂત્રથી યોગસૂત્રના બીજા સાધન-પાદનો પ્રારંભ થાય છે. સર્વપ્રથમ સાધકે તપ શરૂ કરવું જોઇએ. **न अतपस्विनः योगः सिध्यति** (યોગસૂત્ર—વ્યાસભાષ્ય) અર્થાત્ જે તપસ્વી ન બને તેને યોગ સિદ્ધ થતો નથી, આ સૂત્રમાં કેમ પ્રથમ તપનું ગ્રહણ કર્યું? અનાદિકાલથી સાધકના ચિત્તમાં, કરેલાં કર્મોને કારણે જુદી જુદી અસંખ્ય વાસનાઓ અને રાગ-દ્વેષાદિ ક્લેશ ઘર કરીને બેઠાં છે. વાસનાઓનાં અને રાગ-દ્વેષાદિના આ જાળાં, તપના આચરણ સિવાય ભેદાતાં નથી. તેથી ભગ-વાન પતંજલિએ સૂત્રમાં પ્રથમ તપને ગ્રહણ કર્યું.

તપનો અર્થ છે : સુખ—દુઃખ, માન—અપમાન, ટાઢ—તડકો, વગેરે દ્વન્દ્વોને સહન કરી લેવાં તે. દુઃખના પ્રસંગે કે અપમાન થાય ત્યારે પણ જે સાધક પોતાના મનની પ્રસન્નતા જાળવી રાખી શકે તે જ અધ્યાત્મ સાધનામાં પ્રવેશ કરી શકે. અમુક ભોજન પ્રત્યે રાગ, અને બીજા ભોજન પ્રત્યે દ્વેષ—આવા ગમા—અણગમાના પ્રસંગમાં ચિત્તની પ્રસન્નતા જો ટકી રહે તો અધ્યાત્મ સાધનામાં આપણો પ્રવેશ થયો ગણાય. આ તપ છે. શ્રીનથુરામશર્માના ગ્રંથમાં પદ-બોધિની ટીકામાં કહ્યું છે કે તપ એટલે બ્રહ્મચર્ય, સત્ય, મૌન, ધર્માનુષ્ઠાન (કર્તવ્યપાલન), દ્વન્દ્વ સહન કરવાં, મિત (માપનો) (હિતકારી અને મેધ્ય કે પવિત્ર) આહાર લેવો વગેરે.

પૂ. યોગેશ્વરજી (ગુજરાત યુનિવર્સિટીમાં આયોજિત પ્રવચનો, ફેબ્રુ—૧૯૮૪, પ્રકાશિત, પાતંજલ યોગદર્શન, સર્વમંગલ ચેરિ-ટેબલ ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૯૨) કહે છે કે માનવને શાંતિ,



સિદ્ધિ, શક્તિ, આત્મદર્શન પ્રાપ્ત કરવું હોય તો તેણે ક્રિયા-યોગનો આધાર લેવો જોઇએ. માત્ર અહીં (યોગસૂત્ર ૨—૧) સમસ્ત યોગદર્શનમાં 'યોગ'શબ્દની પૂર્વે ક્રિયાશબ્દનો પ્રયોગ કર્યો છે. **( क्रियायोगः )** તપ, સ્વાધ્યાય અને ઈશ્વર—પ્રણિધાન આ ત્રણેય વસ્તુઓ ભેગી થાય ત્યારે એને ક્રિયાયોગ કહેવાય (પૃ. ૧૧૮). પૂ. યોગેશ્વરજી તપનો અર્થ સમજાવતાં કહે છે કે તપ એટલે ઇન્દ્રિયો, મન, સંકલ્પવિકલ્પ, વિચાર, વ્યવહાર ઉપર આપણે સંયમ સ્થાપી શકીએ. તપનું મૂળભૂત પ્રયોજન એ છે કે આપણે આપણી જાતને અંકુશમાં રાખી શકીએ. એ માટેની ક્રિયાપદ્ધતિઓને તપનું નામ અપાય છે. આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર આ પણ એક પ્રકારના તપની ક્રિયાઓ છે (પૃ. ૧૧૯).

વળી, તૈત્તિરીય ઉપનિષદ્‌ની ભૃગુવલ્લીમાં પિતા વરુણ વારંવાર ભૃગુને ''**तपसा ब्रह्म विजिज्ञासस्व**'' ''તું તપદ્વારા બ્રહ્મને જાણવાની ઇચ્છા કર.'' અહીં શંકરાચાર્ય તપને સમ-જાવતાં ઉપનિષદ્‌ભાષ્યમાં સ્મૃતિ ટાંકે છે અને કહે છે કે તપ એટલે મનની અને ઇન્દ્રિયોની એકાગ્રતા. આ જ પરમ તપ છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે દેવના કે મનુષ્યના સુખનું મૂળ તપ છે (તપના મહિમા માટે જુઓ મનુસ્મૃતિ અધ્યાય ૧૧—૨૩૪, ૨૩૫ વગેરે). વળી, શંકરાચાર્ય કહે છે કે બ્રહ્મવિજ્ઞાનનાં બધાં સાધનોમાં તપ એ સૌથી શ્રેષ્ઠ સાધન છે. તપ એટલે બાહ્ય ઇન્દ્રિયો અને મન(અંતઃકરણ)ની સમાધિ—એકાગ્રતા (**सर्वेषां... साधनानां तप एव साधकतमं साधनम्।...तच्च तपः बाह्यान्तःकरण—समाधानम्।**—શાંકરભાષ્ય, ભૃગુવલ્લી પ્રારંભ, તૈત્તિરીય ઉપનિષદ્.)

આમ શાસ્ત્રોમાં તપનો અતિશય મહિમા ગવાયો છે. તેથી નવા સાધકે ક્રિયાયોગના પ્રથમ, તપના પગથિયાથી પ્રારંભ કરવો.

ક્રિયાયોગનું બીજું અંગ છે—સ્વાધ્યાય. આ શબ્દને વ્યાસ-ભાષ્યમાં આમ સમજાવે છે. પ્રણવ (ૐ) વગેરે પવિત્ર મંત્રનો જપ એટલે સ્વાધ્યાય. અથવા મોક્ષશાસ્ત્રના ગ્રંથો(ઉપનિષદો, બ્રહ્મસૂત્ર, રામાયણ, ગીતા, ભાગવત વગેરે ગ્રંથો)નું અધ્યયન કરવું એટલે સ્વાધ્યાય. મૂલતઃ સ્વના અધ્યયન (આત્માના જ્ઞાન) માટે આ સ્વાધ્યાય પ્રવૃત્તિ હોય છે. રુદ્રસૂક્ત, પુરુષસૂક્ત વગેરેના જપને પણ સ્વાધ્યાય કહે છે. સ્વામી વિવેકાનંદ રાજ-યોગમાં કહે છે કે યોગની સિદ્ધિ માટેની ક્રિયા તે યોગક્રિયા (ક્રિયાયોગ) સ્વાધ્યાય વાદવિવાદ કરવા માટે નહીં, પરંતુ સ્વ-નિશ્ચયના દઢીકરણ માટે કરવો જોઈએ. પવિત્ર ગ્રંથો અનેક છે. સમય ટૂંકો છે. તેથી જ્ઞાનપ્રાપ્તિનું રહસ્ય એ છે કે ગ્રંથોનો માત્ર સાર ગ્રહણ કરી લેવો. નીરક્ષીર વિવેક કરવો. ઉત્તમને જાણીને તરત જ આચરણમાં મૂકવું. વાદવિવાદ કે વિતણ્ડાથી દૂર રહેવું. તે માટે સ્વાધ્યાય નથી. સ્વાધ્યાય રજસ્, તમસ્‌ને દૂર કરવામાં મદદ કરે છે.

હવે ક્રિયાયોગનું છેલ્લું અને ત્રીજું અંગ તે ઈશ્વરપ્રણિધાન. સર્વ તપ અને સ્વાધ્યાયની ક્રિયાઓનું લક્ષ્ય ઈશ્વર જ હોવો જોઈએ. તપ અને સ્વાધ્યાય સંસારના કોઈ પ્રયોજન માટે નથી. તે બધું જ ઈશ્વરને જ અર્પણ કરી દેવાનું છે. (Making God the motive of action) આનું જ નામ ભક્તિ.

ભાગવતમાં કહ્યું છે કે સત્ય અને દયાથી યુક્ત ધર્મનું પાલન કરીએ, તપથી યુક્ત વિદ્યા પ્રાપ્ત કરીએ, પરંતુ મનુષ્ય



મારી ભક્તિ ન કરે તો તે ધર્મ અને વિદ્યા તેવા મનુષ્યને પાવન કરી શકે નહીં (૧૧–૧૪–૨૨).

તેથી આપણા જેવા નવા નવા સાધકો તપ અને સ્વાધ્યાયની ક્રિયાઓ, માત્ર પ્રભુપ્રાપ્તિને જ લક્ષ્ય બનાવીને આજથી જ પ્રારંભીએ.

**કયી કયી વસ્તુઓ નિરર્થક છે**

(૧) લોભી મનુષ્યનું ધન.
(૨) અત્યંત હઠાગ્રહીનું જ્ઞાન.
(૩) ગુણ કે પરાક્રમરહિત રૂપ.
(૪) આપત્તિ સમયે સહાય નહિ કરનાર મિત્ર.

**ઘર : ૨૪૬૩૪૩૧** **ઓફિસ : ૨૩૬૨૪૩૭**
**: ૨૪૮૦૪૨૮** **: ૨૩૬૦૩૭૬**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**
**''સત્યવાન'' તથા ''ચંદન''**
**૬, ૮ તથા ૧૦ હો. પા.**
—: બનાવનાર :—
**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**
૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨

# આદર્શ દૃષ્ટાંતો

**પંડિત શિવપ્રસાદ દલપતરામ**

## એક બંગાળી મુનસફનું સત્ય અને અસ્તેય

બંગાળામાં નીલમાધવ બંદોપાધ્યાય નામના એક મુનસફ હતા. તેમને, પોતાની જિંદગીનો વીમો ઉતરાવ્યા પછી છ મહિનાની અંદર મધુપ્રમેહનો રોગ જણાયો. વીમો ઉતરાવતી વખતે ડોક્ટરોએ એમના શરીરની ખાસ તપાસ કરીને એમને નીરોગી ઠરાવ્યા હતા; પરંતુ રોગનો સૂત્રપાત અવશ્ય વીમો ઉતરાવતા પહેલાંથી થઈ ચૂક્યો હતો; એટલે એ સમયે પોતાને નીરોગી ગણાવવા માટે પોતાને દોષી ગણીને એમણે વીમા-કંપનીના વ્યવસ્થાપકોને લખ્યું કે, ''વીમાકંપનીએ મારા મૃત્યુ પછી વીમાના રૂપિયા ચૂકવવાની જરૂર નથી.''

કેટલાકો આ કાર્યને દોઢડાહ્યાપણું અથવા તો રોગની અવસ્થામાં થયેલા ચિત્તવિકારનું પરિણામ કહેશે; પણ આર્ય-શાસ્ત્રો અસ્તેય (ચોરી નહિ કરવી) અને ગેમ તેટલા જોખમે પણ સત્ય બોલવું, એ બાબતનો ઉપદેશ એટલી બધી સાવધાનતા-પૂર્વક આપીને આપણા પૂર્વજોનાં ચરિત્રને દૃઢ બનાવી ગયા છે કે, એની અસર હજુયે કોઈ કોઈ હિંદુઓમાં સંપૂર્ણરૂપે દીઠામાં આવે છે.

## ધાર્મિક શિક્ષણ વિનાના કોલેજના શિક્ષણનું પરિણામ

રાજા રામમોહન રાય ધર્મવિહીન શિક્ષણ તરફ ભયની દૃષ્ટિથી જોતા હતા. એક દિવસ કલકત્તાની હિંદુ કોલેજ (જેમાં ધાર્મિક શિક્ષણનો પ્રબંધ નહોતો)ની સ્થાપના થયા પછી કોઈએ



તેમને આવીને કહ્યું કે, ''દીવાનજી! અમુક માણસ અગાઉ અનેક દેવદેવીઓને ઈશ્વર માનનારો હતો, ત્યાર પછી એ પ્રકૃતિમાં ઈશ્વરનો આવિર્ભાવ જોનારો અને અવતાર આદિમાં ન માનનારો બન્યો અને હવે તે નાસ્તિક બન્યો છે.'' રામ-મોહન રાયે હસીને કહ્યું : ''મને એમ લાગે છે કે, છેવટે એ પશુ બનશે.''

## પ્રાચીનકાળનો આદર્શ વિદ્યાર્થી ઉદ્દાલક

પૂર્વકાળમાં વિદ્યાર્થીઓ ઋષિઓને ઘેર ભણવા સારુ રહેતા હતા. તેમને જ્યારે પરીક્ષા લીધાથી ખાતરી થતી કે, અમુક શિષ્યનો શાસ્ત્ર અને ગુરુવાક્ય ઉપર પૂરો વિશ્વાસ બેઠો છે તથા શાસ્ત્રનું રહસ્ય જાણવા સારુ તેને ઘણી ઉત્કંઠા થઈ રહી છે, ત્યારે તેઓ તેની યોગ્યતા મુજબ શાસ્ત્રોનું રહસ્ય શીખવતા. તેઓ તપના બળથી વિશુદ્ધ અંતઃકરણના હતા અને યોગ્ય શિષ્યને એવા પ્રેમથી ભણાવતા કે, થોડા પ્રયત્નથી શિષ્યને એવી અઘરી વિદ્યાઓનું જ્ઞાન થઈ જતું.

આયોદ ધૌમ્ય નામના એક ઋષિ હતા. એમણે પંચાલ દેશના આરુણી નામના શિષ્યને એક દિવસ હુકમ કર્યો કે, ''ખેતરમાં જઈને ક્યારાઓમાંથી પાણી નીકળી ન જાય એવી એક પાળ બાંધી આવીને ઘેર પાછા આવો.'' ગુરુની આજ્ઞા માથે ચડાવીને આરુણી તરત જ ખેતરમાં ગયો; પણ ઘણી મહેનત કર્યા છતાં પણ પાણી રોકાય એવી પાળ બાંધી શક્યો નહિ; પરંતુ ગુરુની આજ્ઞાનું પાલન કરવું જરૂરનું સમજતો હતો; એટલે બીજો કોઈ ઉપાય નહિ સૂઝવાથી જ્યાંથી પાણી નીકળી જતું હતું, ત્યાં આગળ પોતે જ આડો સૂઈ જઈને પાણીને રોક્યું. રાત પડી પણ આરુણી ઘેર ન ગયો, ત્યારે

ઋષિ બીજા વિદ્યાર્થીઓને લઈને ખેતરમાં ગયા. ત્યાં આગળ પણ આરુણીને દીઠો નહિ, એટલે મોટે સાદે બૂમ પાડી : "બેટા આરુણિ! અહીંયાં આવ." આ પ્રમાણે ગુરુજીને પ્રેમપૂર્વક બોલાવતા સાંભળીને આરુણી ત્યાંથી ઊઠીને દોડતો દોડતો આવ્યો અને ગુરુજીને પ્રણામ કરીને બોલ્યો : "મહારાજ! ખેતરમાંથી પાણી બહાર નીકળી જતું હતું, તેને ખાળવાનો બીજો ઉપાય નહિ જડવાથી મેં મારા સ્થૂળદેહને જ ત્યાં આગળ આડો નાંખ્યો. હવે શું કરું તેની આજ્ઞા આપો." આરુણીના આ આચરણથી પ્રસન્ન થઈને ધૌમ્ય ઋષિ બોલ્યા : "બેટા! તું હમણાં ક્યારાની પાળમાંથી ઊઠીને આવ્યો છે, માટે તારું નામ ઉદ્દાલક તરીકે આજથી પ્રસિદ્ધ થશે અને તેં સરળ હૃદયથી મારી આજ્ઞાનું પાલન કર્યું છે, માટે તારું કલ્યાણ થશે. વેદવેદાંગ વગેરે વિદ્યાઓ તને સહેલાઈથી આવડી જશે." ગુરુજીની પ્રીતિ તથા પોતાની શક્તિના બળથી ઉદ્દાલક આગળ જતાં મહાતપસ્વી ઋષિ તરીકે પ્રખ્યાત થયો.

## પ્રાચીનકાળનો આદર્શ વિદ્યાર્થી ઉપમન્યુ

આયોદ ધૌમ્યના બીજા એક શિષ્યનું નામ ઉપમન્યુ હતું. ગુરુએ તેને ગાયો ચારવાનું કામ સોંપ્યું હતું. એ વખતમાં ગુરુઓ વિદ્યાર્થી પાસેથી ફી તો લેતા જ નહોતા. શિષ્યો પણ ગુરુના ઘરનું બધું કામકાજ વારાફરતી કરવામાં માન સમજતા હતા. ઉપમન્યુ પણ દરરોજ ગાયો ચરાવીને સાંજે ઘેર આવીને ગુરુજીને પગે લાગીને ઊભો રહેતો. ગુરુ એને કાંઈ ખાવાનું આપતા નહિ, પરંતુ એમ છતાંએ ઉપમન્યુ દરરોજ હૃષ્ટપુષ્ટ થતો જતો હતો, તેથી એક દિવસે ગુરુજીએ પૂછ્યું : "બેટા! તું તો હૃષ્ટપુષ્ટ જણાય છે! તું ખાય છે શું?" શિષ્યે ઉત્તર આપ્યો :



"હું ભિક્ષા માગી લાવીને સાંજે થોડુંક ખાઈ લઉં છું."

ગુરુએ કહ્યું : "મારી રજા વગર તારે ભિક્ષા પણ માગવી જોઈએ નહિ અને રજાથી માગવામાં પણ જે કાંઈ મળે, તે તો ગુરુને અર્પણ કરવાનો શાસ્ત્રનો નિયમ છે; માટે તારે આજથી એ પ્રમાણે ચાલવું." શિષ્ય ઉપમન્યુએ તે પ્રમાણે ચાલવાનું કબૂલ કર્યું અને બીજા દિવસથી જે કાંઈ ભિક્ષા મળે તે ગુરુજીને અર્પણ કરવા માંડી; પરંતુ ગુરુદેવ એને એમાંથી કાંઈ પણ આપતા નહિ આવી સ્થિતિમાં પણ શિષ્યનું શરીર લેવાઈ ગયું નહિ, ત્યારે એમણે ફરીથી એનું કારણ પૂછ્યું. શિષ્યે ઉત્તર આપ્યો કે, "એક વારની ભિક્ષા આપને આપી દઉં છું અને બીજા ટંકે જે ભિક્ષા મળે છે તે હું ખાઉં છું." ગુરુજી બોલ્યા : "તું એ તો ઘણું જ ગેરવાજબી કામ કરે છે. એથી તો તું બીજા વિદ્યાર્થીના પેટ ઉપર પગ મૂકે છે. ગૃહસ્થાશ્રમીઓ કેટલી વાર ભિક્ષા આપે? માટે શાસ્ત્રમાં એવું કહ્યું છે કે, ભિક્ષા માગવી તો પોતાના એક વખતના ભોજન પૂરતી જ માગવી. ભિક્ષા માગવાનો શોખ ઘણો વધી પડે, તો લોભિયા થવાય અને ધર્મભ્રષ્ટ થવા વારો આવે." ગુરુના વાક્યથી ઉપમન્યુએ બીજી વાર ભિક્ષા માગવાનું માંડી વાળ્યું; એમ છતાં પણ એનું શરીર પહેલાંના જેવું જ પુષ્ટ જોઈને ધૌમ્ય ઋષિએ પૂછ્યું : "હવે તું શું ખાય છે?" શિષ્યે ઉત્તર આપ્યો : "ભૂખ ખમાતી નથી, એટલે વાછરડાંઓને પીતાં વધેલું ગાયોનું દૂધ હું પી જાઉં છું." ગુરુ બોલ્યા : "મારી રજા વગર ગાયોનું દૂધ પીવું એ પણ અયોગ્ય છે." ત્યારથી બિચારા શિષ્યે એ પ્રમાણે દૂધ પીવાનું પણ છોડી દીધું. ત્યાર પછી પણ શિષ્યનું શરીર કાંઈ ખાસ લેવાઈ ગયું નહિ. ત્યારે ગુરુએ પૂછ્યું : "અલ્યા, હવે તું શું

ખાઇને જીવે છે?'' શિષ્યે ઉત્તર આપ્યો : ''વાછરડાંઓ દૂધ પીતાં પીતાં ફીણ પાછું કાઢે છે, એ ફીણ પીને જીવું છું.'' ગુરુએ કહ્યું : ''એ પણ અન્યાય છે; કેમ કે તારા ઉપર સ્નેહ હોવાથી વાછરડાંઓ વધારે ફીણ કાઢતાં હશે, તેથી એમને નુકસાન થાય.'' એ પ્રમાણે બધી જાતના આહાર ગુરુએ બંધ કર્યાથી એક દિવસ શિષ્યે ભૂખથી પીડાઇને બીજું કાંઇ સાધન ન જડવાથી આકડાનાં પાંદડાં ખાઇ લીધાં! એ ખાવાથી તેની આંખોનું તેજ ઓછું થઇ ગયું અને આમતેમ ભટકાતાં ભટકાતાં એ એક કૂવામાં પડી ગયો. રાત્રે ઉપમન્યુને ઘરમાં નહિ જોતાં ગુરુજી બીજા શિષ્યોને કહેવા લાગ્યા :

''હજી સુધી ઉપમન્યુ ઘેર આવ્યો નહિ, તેથી મને ઘણી ચિંતા થાય છે. મેં એને બધી જાતના આહાર કરવાની મના કરી છે; માટે મને લાગે છે કે, એ આજે મારાથી રિસાઇને નહિ આવ્યો હોય. ચાલો, આપણે બધા જઇને એને શોધી લાવીએ.'' ગુરુજી શિષ્યોને સાથે લઇને અરણ્યમાં ગયા અને મોટે સાદે ''ઉપમન્યુ ક્યાં છે? ઉપમન્યુ ક્યાં છે?'' કરી બૂમો પાડવા લાગ્યા. ગુરુનો સ્વર ઓળખીને ઉપમન્યુ બોલી ઊઠ્યો : ''મહારાજ! હું કૂવામાં પડી ગયો છું અને ઊઠવાની શક્તિ રહી નથી.'' ગુરુએ પૂછ્યું : ''તું કૂવામાં કેવી રીતે પડ્યો?'' ઉપમન્યુએ ઉત્તર આપ્યો : ''મારાથી ભૂખ વેઠાઇ નહિ, ત્યારે આકડાનાં પાંદડાં ખાધાં, એટલે આંધળો થઇને ચાલતાં ચાલતાં આ કૂવામાં પડ્યો.'' ગુરુએ કહ્યું : ''તું દેવતાઓના વૈદ અશ્વિનીકુમારોની સ્તુતિ કર, તેથી તું ફરીથી દેખતો થઇશ.'' ઉપમન્યુ ગુરુની સલાહ પ્રમાણે એ દેવ વૈદ્યોની સ્તુતિ કરવા લાગ્યો, એટલે તેઓ પધાર્યા અને કહેવા લાગ્યા : ''અમે તારા



ઉપર ઘણા પ્રસન્ન થયા છીએ, માટે આ ઔષધ આપીએ છીએ, તે ખાવાથી તારો અભિલાષ સિદ્ધ થશે.'' એના જવાબમાં ઉપ-મન્યુએ કહ્યું : ''મહારાજ! આપની આજ્ઞા અવશ્ય માથે ચડા-વવી જોઇએ, પણ ગુરુજી રજા ન આપે ત્યાંસુધી મારાથી તમારું ઓસડ પણ ખવાય નહિ.'' અશ્વિનીકુમારોએ કહ્યું : ''અગાઉ તારા ગુરુએ અમારી સ્તુતિ કરી હતી, ત્યારે અમે પ્રસન્ન થઇને તેમને પણ એ દવા આપી હતી. તેમણે તો ગુરુને જણાવ્યા વગર જ એનું સેવન કર્યું હતું. તું પણ એ જ પ્રમાણે કર.'' ઉપમન્યુ બોલ્યો : ''મહારાજ, હું આપને હાથ જોડીને કહું છું કે, મારાથી તો ગુરુજીની આજ્ઞા મળ્યા વગર આ ઔષધિ નહિ ખવાય.'' અશ્વિનીકુમારોએ કહ્યું : ''ઉપમન્યુ! તારી અસાધા-રણ ભક્તિ જોઇને અમે અતિશય પ્રસન્ન થયા છીએ અને વરદાન આપીએ છીએ કે, તારી બંને આંખો સાજી થઇ જશે, એટલું જ નહિ પણ તારું સર્વ પ્રકારે કલ્યાણ થશે.'' એ પ્રમાણે અશ્વિનીકુમારોની કૃપાથી આંખોનું તેજ ફરીથી પ્રાપ્ત કરીને ઉપમન્યુ ગુરુની પાસે ગયો. ગુરુએ અત્યંત પ્રસન્ન થઇ જઇને કહ્યું : ''બેટા! તને વેદ અને બધાં શાસ્ત્રો ઘણાં સારાં આવડશે. ભણાવવાના કામમાં પણ તું ઘણો જ નિપુણ નીવડીશ.''આ પ્રમાણે ગુરુને સંતોષ્યાથી ઉપમન્યુ ઘણી જાતની વિદ્યા પ્રાપ્ત કરી શક્યો હતો.

# પૂ. શ્રી યોગેશ્વરજીના પ્રવચનનો સંક્ષેપ

ડૉ. બી. જે. જાગાણી

## (૧) નવા વર્ષે પ્રભુ પાસે શું મગાય?

પૂ. શ્રીએ વર્ષો પહેલાં કેનેડાની યાત્રા કરેલી. આ યાત્રામાં સાધકોને ઘેર પૂ. માની ઉપસ્થિતિ છે. નવા વર્ષના આશીર્વાદ આપે છે. આ વિડિયો કેસેટ તા. ૨૬–૧૦–૦૩ ના રોજ બપોરે ૧૨–૧૦ કલાકે સ્વર્ગારોહણતીર્થના હોલમાં પૂ. માની ઉપસ્થિતિમાં દર્શાવવામાં આવે છે. પૂ. શ્રી લાક્ષણિક રીતે, ચહેરાપર વિશિષ્ટ ભાવો દેખાય તે રીતે અને રમૂજપૂર્વક આશીર્વચન આપે છે અને ઉત્સુક સાધકોના પ્રશ્નોના જવાબો આપે છે.

પૂ. શ્રી કહે છે 'અમે આજે એવા આશીર્વાદ નથી આપતા કે તમે ખૂબ કમાઓ. કેનેડામાં આવ્યા છો તો તમે કમાશો તો ખરા જ. કમાણી બે જાતની છે. એક કમાણી શરીર છૂટ્યા પછી અહીં જ મૂકીને જવાની છે તે અને બીજી કમાણી શરીર છૂટ્યા પછી સાથે આવે છે તે. આપણે સાથે આવનારી કમાણી કમાવાની છે.'

'દરેક પર્વ પ્રેરણા આપનારું છે. જીવનનો સદુપયોગ કરો. જીવન સફળ કરો. વહેલા ઊઠો, સાધના કરો. કોઈકનું ભલું કરો. સુખી થાઓ, શાંતિ પામો, સૌના જીવનનો મહિમા સમજો.'

'ચેકબુકની ચોપડીમાં શાકભાજીના હિસાબ ન રાખશો. કોરી ચેકબૂકમાં તો રકમ લખીને નાણા મેળવવાનાં હોય છે. જીવન એક કોરી ચેકબૂકની ચોપડી જ છે. પ્રભુનું સ્મરણ કરજો.'



'જીવનને જાગૃત કરવું પડશે. આળસ ખંખેરવી પડશે, આંખમાં તેજ લાવવું પડશે, ચહેરા પર પ્રભુનામની ચમક લાવવી પડશે.'

## (૨) પ્રશ્નોત્તરી

સાધકો પ્રશ્નોત્તરી કરે છે. પૂ. શ્રી રમૂજ કરતાં કરતાં હળવી શૈલીમાં જવાબ આપે છે. જવાબો જીવનમાં પ્રકાશ પાથરનારા છે. તે થોડા સંક્ષેપમાં અહીં રજૂ કર્યા છે, કારણ કે ઉપયોગી પુરવાર થાય તેવા છે.

પ્રશ્ન : ગીતાજીમાં શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું છે કે ધર્મનો નાશ થાય ત્યારે હું અવતરું છું. તો અત્યારે ધર્મનો નાશ થઈ રહ્યો છે તો પ્રભુ ક્યારે અવતરશે?

પૂ. શ્રી : તમારો સંદેશો હું પ્રભુને પહોંચાડી દઈશ. (સૌ હસે છે.) હું લખીશ કે કેમ અવતાર ધારણ કરતા નથી? પ્રભુ અવતાર ધારણ કરે તો કેટલા ઓળખે? શ્રી કૃષ્ણ ભગવાન અવતર્યા તયારે જરાસંઘે ક્યાં ઓળખ્યા હતા? શિશુપાલ અને કંસે પણ ક્યાં ઓળખ્યા હતા? દુર્યોધન અને દ્રોણાચાર્યે પણ નહોતા ઓળખ્યા. ભીષ્મ પણ બાણશૈયા પર સૂતા ત્યારે મોડે મોડે ઓળખી શક્યા. અર્જુને પણ ખૂબ મોડે ઓળખ્યા. યદુકુળે તો ઓળખ્યા જ નહીં. ઉદ્ધવે ઓળખ્યા, ગોપીઓએ ઓળખ્યા પણ ગોપીઓના પતિઓ ના ઓળખી શક્યા.

પૃથ્વી પર પ્રભુ પોતાની રીતે અવતાર ધારણ કરતા જ હોય છે. પણ ઓળખે કેટલા? વળી પ્રભુના જેવા સંતો પણ પૃથ્વી પર આવી ગયા. ગાંધીજી પણ સત્ય, અહિંસા સ્વદેશી, સ્વાશ્રયી મૂલ્યો માટે આવીને ગયા. પણ તેનેય ગોળીએ દેનારા મળ્યા. ગાંધીજીને બીજી ઓક્ટોબરે યાદ કરે, ખાદી પહેરે, તેના પૂતળા-

ને હાર પહેરાવે અને યાદ કરે. પણ તેમના સંદેશનો જીવનમાં કોઈ અમલ નહીં. ભગવાન આ રીતે આવે છે. ઓળખે કેટલા? મુકુટરામજી મહારાજ પણ એવા જ પુરુષ હતા.

ભગવાન આવે ત્યારે શું થોડા સૌને ભેગા કરે અને વાજા વગડાવે? તેને શિંગડાં—પૂંછડાં થોડાં હોય! પ્રભુ તો પોતાના વચનને (અવતાર ધારણ કરવાના) પાળે છે. તેના પાર્ષદો, દૂતો, પ્રતિનિધિઓ પણ આવે છે. પણ ઓળખનારા નથી અને તેમના ઉપદેશો પ્રમાણે ચાલનારા કેટલા?

તમે કેવા ભગવાન ઇચ્છો છો? બધાનો નાશ કરી નાંખે તેવા? શ્રી કૃષ્ણ ભગવાને યુદ્ધમાં બધાનો નાશ કરી નાખ્યો છતાં પણ પોતાના કુળને સુધારી ના શક્યા. દુનિયા સુધરી નહીં. મહા તપસ્વી ઋષિની મશ્કરી પણ કૃષ્ણ ભગવાનના પુત્ર સામ્બે કરી. તેના પેટ પર તાંસળું બાંધીને ઋષિ પાસે સ્ત્રીના વેશમાં લઈ ગયા અને આ સ્ત્રીને શું આવશે તેવી મશ્કરી કરી. તો ઋષિએ કહ્યું કે તેને સાંબેલું આવશે. તે તારા કુળનો નાશ કરશે. ખરેખર એનાથી યાદવોનો નાશ થયો.

આ જગત છે. જેટલા સુધરે તેટલા સાચા. પહેલાં આપણે સુધરવું, પછી કુટુંબ, પરિવાર, વગેરે સુધારવાં. આખી દુનિયા-ની ચિંતા ના કરવી. પણ આપણો સુધાર ચાલુ રાખવો.

શ્રી કૃષ્ણનું સન્માન થવાનું હતું ત્યારે શિશુપાલે પણ વિરોધ કર્યો હતો. આ કૃષ્ણનું સન્માન ન હોય. તે તો માખણચોર છે, કોઈની સ્ત્રીને ઉપાડી જાય છે.

પ્રભુ અને સંતો અવતરે છે. પોતાની રીતે કામ કરે છે. આપણે તૈયારી કરીશું તો ઓળખાશે. પ્રભુ સર્વવ્યાપક છે. તમારા સવાલનો જવાબ પ્રભુ આત્માની અંદર મોકલે તેમ હું



કહીશ. (સૌ હસે છે.)

પ્રશ્ન : તમે અમર આત્માઓ જોયા છે. પ્રકાશના પંથેમાં તેનો ઉલ્લેખ છે. તો તે સાચું?

પૂ. શ્રી : નારદજી સાથે વાર્તાલાપ થયેલો. જ્ઞાનેશ્વરજીએ અનેકવાર દર્શન આપેલાં. સમાધિમાં અને જાગૃતિમાં દર્શન આપે. ગાયત્રીમાતા અને સ્વામિનારાયણ ભગવાન અને તેના સંતોએ પણ દર્શન આપેલાં. સંતરામ મહારાજે દર્શન આપેલાં. ભૂમિકા હોય તો દર્શન થાય. અમે તો આવા મહાત્માઓ સાથે તરત જ વાત કરી શકીએ છીએ. તેને સૂક્ષ્મ શરીર હોય છે. તેમાં પૃથ્વી અને જળ તત્ત્વ નથી હોતાં અગ્નિ, વાયુ ને આકાશ તત્ત્વ હોય છે. તેજોમય શરીર હોય છે. ઇચ્છા કરે ત્યાં આવાં શરીર જઈ શકે છે. પૃથ્વી અને જળ તત્ત્વ નથી હોતાં એટલે ઘડપણ નથી આવતું. તે સાધકોને મદદ કરવા અને પ્રેરણા આપવા આવતા હોય છે.

પ્રશ્ન : માણસના મૃત્યુ પછી ૧૨ દિવસ શોક (સૂતક) પાળે છે. તેના આત્માની શી સ્થિતિ હોય છે?

પૂ. શ્રી : કેટલીક વાર તરત જ જન્મે છે. કેટલીક વાર સમય લાગે છે. શ્રાદ્ધની વિધિથી ફાયદો થાય છે. શાળાઓ, દવાખાનામાં દાન પણ આપી શકાય. પવિત્ર જીવન જીવીએ તો તેને ગમે.

પ્રશ્ન : સ્વપ્નમાં સંતદર્શન થાય તો તે સારું કહેવાય?

પૂ. શ્રી : સંતના દર્શન થાય તે કૃપા છે. ભૂતના દર્શન તો નથી થતાં ને? દર્શનથી પ્રેરણા મળે છે. મીઠાશથી દર્શન આપે તો સમજવું કે તમારા વ્યવહારથી ખુશ છે, આશીર્વાદ આપે છે. પણ દૃષ્ટિ કડક (ત્રાંસી આંખ કરીને પૂ. શ્રી પ્રદર્શન કરી

બતાવે છે) હોય તો ચેતી જવું કે જીવન વ્યવહાર ગમે તેવો નથી. સુધરી જવું.

પ્રશ્ન : શરીરમાં આત્માને વૈજ્ઞાનિકો શોધી શક્યા નથી. આત્માનું સ્થાન શરીરમાં ક્યાં છે? ધ્યાન ક્યાં કરવું?

પૂ. શ્રી : ઉપનિષદોએ કહ્યું છે. આત્મા હૃદય પ્રદેશમાં છે. **'हृदि एषः आत्मा'** ગીતાના ૧૮ મા અધ્યાયમાં કહ્યું છે, **'हृद्देशे अर्जुन तिष्ठति'** આત્મા હૃદયમાં વસે છે, ઉપનિષદ્‌માં બીજી જગ્યાએ પણ કહ્યું છે **'सदा जनानां हृदये सन्निविष्टः'** આત્મા માણસના હૃદય પ્રદેશમાં વસે છે. હૃદયના માંસના લોચામાં નહીં પણ તેની બાજુના અવકાશમાં (Space)માં આત્માનો વાસ છે. (આત્મા ક્યાં વસે છે. તેનું પ્રત્યક્ષીકરણ પૂ. શ્રી પ્રશ્ન પૂછીને કરે છે. પ્રશ્ન પૂછનારને કહે છે કે 'તમારું નામ શુ?' તે ભાઈ પોતાનો હાથ હૃદય પર લગાડીને પૂછે છે 'મારું નામ?' તરત જ પૂ. શ્રી કહે છે કે 'તમારો હાથ સહજ રીતે ક્યાં ગયો?' તે ભાઈ કહે છે કે 'હૃદય પર.' પૂ. શ્રી કહે છે કે 'બસ, ત્યાં જ આત્મા રહે છે.)'

ધ્યાન હૃદય પ્રદેશે અથવા ભ્રમરની મધ્યમાં (આજ્ઞાચક્રમાં) ધરાય. હૃદયમાં ધરવાથી ભાવુક (Emotional) બનાય છે. આજ્ઞાચક્રમાં યોગીઓ ધ્યાન ધરે છે. તેથી બુદ્ધિ (Intellect) મળે છે. આજ્ઞાચક્રમાં ધ્યાન ધરવાથી દિવ્યદર્શન થાય છે. ત્રીજું નેત્ર ખૂલે છે. ધ્યાન પ્રકાશનું ધરવું. જેનું ધ્યાન ધરો તેને પરમાત્મા માનીને ધરો.



# માતૃભાવે પ્રસાદની વહેંચણી

તંત્રી

તા. ૨૩–૧૧–૨૦૦૩ ના રોજ સ્વર્ગારોહણની બહાર કેટલાક લોકો નિદાનયજ્ઞની અંદર ચાલી રહેલી પ્રવૃત્તિઓ કુતૂહલપૂર્વક નિહાળી રહ્યા હતા, તેમાં કેટલાંક બાળકો પણ હતાં. તેઓ દર્દીઓને દવાની સાથે સાથે લાડુ અને ચેવડાનો પ્રસાદ લઈને બહાર આવતા જોતા, તો તેમને પણ પ્રસાદ લેવાનું મન થઈ જાય, એ સ્વાભાવિક છે.

તો પૂ. માએ નિદાનયજ્ઞ પૂરો થયાં પછી આ બહાર ઊભેલાં બાળકોને પ્રસાદ વહેંચાવ્યો એટલું જ નહિ, અંબાજીની અપંગોની તેમ જ બીજી શાળાઓના બાળકોને શ્રી વિજયભાઈ કનેરિયાને–બીજે દિવસે ગાડી લઈને આ પ્રસાદ વહેંચવા મોકલ્યા.

પૂ. મા એટલે મા. તેઓના દિલમાં ગરીબ કે તવંગર, ભણેલાં કે અભણ, છૂત કે અછૂત કોઈ ભેદ નથી. તેઓ સર્વનાં 'મા' છે. એટલે જ એ જગજનની છે.

એક ભાઈએ સાચું જ કહ્યું કે પૂ. માના જીવનની આધ્યાત્મિક ઊંચાઈની વાતો જવા દઈએ, પરંતુ તેઓનું માનવીય અને વાત્સલ્યમય પાસું જ એવું પ્રબળ અને અનેરું છે કે તેઓનો વ્યવહાર જોતાં જ તેઓ લોકહૈયામાં વસી જાય છે.

# શ્રદ્ધાનું બળ ને અહમ્‌નું નિરસન

**નારાયણ હ. જાની**

સ્વામી નારાયણ સંપ્રદાયના સંસ્થાપક શ્રીજી મહારાજે પોતાના જીવનકાળ દરમ્યાન અને તે પછી પણ એમનામાં શ્રદ્ધા રાખનારાનાં અદ્‌ભુત ને અનોખાં કામ કર્યાં છે. એવા જ એક નાના સરખા અનોખા પ્રસંગની આ વાત છે.

પંચાળાના દરબાર ઝીણાભાઈ શ્રી સહજાનંદ સ્વામીના અનન્ય ભક્ત. એકવાર હોળીના પ્રસંગે તેઓએ શ્રી ઝીણાભાઈના આગ્રહથી પંચાળામાં સમૈયો કર્યો. સમૈયામાં ભાગ લેવા આસપાસનાં ગામોમાંથી સેંકડો માણસો આવે તે માટે શ્રી ઝીણાભાઈએ ગામ પાદરની ખુલ્લી જગામાં મંચ બંધાવ્યો. જેથી સમૈયામાં આવનાર માણસોને મહારાજનાં સહેલાઈથી દર્શન થઈ શકે.

આ સામૈયામાં સેંકડો માણસોએ ભાગ લીધો ને શ્રી સહજાનંદ સ્વામીએ હોળીના ઉત્સવ પ્રસંગે સાધુઓ, સંતો ને ભક્તજનો સાથે ગુલાલ નાંખી, આનંદ કરતાં કરતાં ઉત્સવ ઉજવ્યો. પોતાના પૂજ્ય પ્રભુ સમા શ્રીજી મહારાજે જાતે જ પોતાની શ્રેષ્ઠતા ત્યજી ભક્તો ને સાધુઓ સાથે એક થઈ, સમાન રીતે સહુની સાથે ઉત્સવમાં ભાગ લીધો, એથી બધા ખૂબ કૃતકૃત્ય થઈ ગયા! એ સ્થળ પણ પવિત્ર થઈ ગયું જ્યાં સંતોના ચરણ પડ્યાં, શ્રીજી મહારાજ જ્યાં વિરાજ્યા ને આનંદના ગુલાલનો જ્યાં છંટકાવ થયો!

શ્રીજી મહારાજ શ્રી ઝીણાભાઈ ઉપર પ્રસન્ન થયા. એમણે



પોતાની પ્રસન્નતાની અભિવ્યક્તિ કરી, શ્રી ઝીણાભાઈને કંઈક માગવા કહ્યું.

શ્રી ઝીણાભાઈ તો વિચારમાં પડ્યા! થયું કે શું માંગું? વળી એ તો ભક્ત એટલે ભગવાન્‌ની કૃપા ને સાનિધ્ય સિવાય બીજું માગે પણ શું? એમણે મનમાં વિચાર્યું કે જીવતાં તો પ્રભુ મળ્યા છે જ, પરંતુ મૃત્યુ પછી એ પ્રભુથી છૂટા ન પડાય એવું કંઈક માગું! વળી ગામના જાગીરદાર એટલે એમ પણ થયું કે મારા એકલા માટે જ શું કરવા! આખા ગામ માટે જ માગી લઉં કે "પ્રભુ, મારા ગામમાં જે કોઈ મરે તેને યમના દૂત નહિ, પરંતુ આપના દૂતો જ લેવા આવે!" આ વિચાર આવતાં જ એમના મુખ ઉપર આનંદ છવાઈ ગયો!

શ્રીજી મહારાજે સામે જોઈ પૂછ્યું "ઝીણાભાઈ, શું વિચારમાં વિચારમાં પડી ગયા?"

ત્યાં તો ઝીણાભાઈ બોલ્યા, "પ્રભુ કંઈ નહિ, વિચારતો હતો કે આ જનમમાં તો આપ પ્રત્યક્ષ મળ્યા છો, તો મરણ પછી પણ આપનાથી વિખૂટા ન પડાય માટે, મરણ સમયે આપના દૂતો જ ગામમાં જે કોઈ મરે તેને લેવા આવે, એટલું વચન આપો."

શ્રી ઝીણાભાઈની માગણી સાંભળી શ્રીજી મહારાજ પ્રસન્ન થયા. આ માગણીમાં મહારાજને ઝીણાભાઈની એક ભક્તની સરળતા ને "સારામાં સહુનો ભાગ"ની ભાવના જોઈ ખુશી ઉપજી. મહારાજે કહ્યું 'બસ આટલું જ માગવું છે?'

ઝીણાભાઈ બોલ્યા, 'પ્રભુ, પહેલાં ખોરી જારનો રોટલો ખાતો હતો, તેમાંથી આપે મુક્તિ અપાવી. હવે કોઠીઓ જારથી ભરી છે. એટલે ખાધે પીધે કોઈ દુઃખ નથી. તો પછી બીજું શું

માગું?—વળી હવે તો ઉમ્મર પણ થઇ ને મર્યા પછી આપથી છૂટા ન પડાય માટે તો આ માગું છું!'

શ્રી ઝીણાભાઇએ ન માગી સંપત્તિ કે ન માગી રાજગાદી. માગી કેવળ પોતાની અને પોતાના ગામના રહીશોની મુક્તિ. કેવી નિસ્પૃહતા!

શ્રી સહાજાનંદ મહારાજે ઝીણાભાઇને આપેલા આ વચન-ની વાત ધીમે ધીમે આસપાસનાં ગામોના લોકોમાં ફેલાઇ ગઇ! પરંતુ શ્રદ્ધા હોય તેને સાચું મનાય, બીજાઓ પ્રભુના આ રહસ્યનો પાર શી રીતે પામી શકે?

બીજાઓની જેમ પંચાળાથી થોડા દૂરના ગામના સીમાડામાં પડેલા ચામઠાઓના સાંભળવામાં આ વાત આવી. ચામઠા-ઓની આ કોમ કોઇ એક ઠકાણે ઘર બાંધીને રહે નહિ. વગડા-માં પડ્યા રહે ને વાંસના ટોપલાઓ તેમ જ બીજી મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવે.

આ ચામઠાઓમાં એક વૃદ્ધ ચામઠો માંદો હતો. તે ખૂબ શ્રદ્ધાળુ હતો. એ મનથી પ્રભુનું સ્મરણ કરતો ને હાથોથી ટોપલાઓ ગૂથતો. એણે જ્યારે ઝીણાભાઇના વરદાનની આ વાત જાણી, ત્યારે તેને થયું, 'લાવને, હવે હુંય પંચાળા જાઉં, કારણ કે હવે બહું સમય કાઢું એમ નથી. ભગવાનના વચનમાં તેને પૂરી શ્રદ્ધા હતી.

એણે પોતાની આ ઇચ્છા પોતાના સગાંઓને કહી. પરંતુ બધા આ થોડું જ માને? દિલની સરળતા ને મનની શ્રદ્ધા વગર ધર્મનાં રહસ્યો માનવીને ઘણીવાર સમજાતાં નથી. છતાં ઘરડા માંદા માણસનું મન રાખવા તેના સગાઓ એને પંચાળા ગામમાં ભગવાને જ્યાં સમૈયો કરેલો, તે ખુલ્લી જગામાં લઇ



આવ્યા. ત્યાં તેઓએ મુકામ કર્યો ને પોતાનું કામ કરવા લાગ્યા.

બે દિવસ પછી એવું બન્યું કે પંચાળાના ગીગાભાઇના ઘર-નાં અદીબાને અડધી રાતે શ્રીજી મહારજે દિવ્ય સ્વરૂપે દર્શન આપ્યું. એટલે એમણે તુરત જ પૂછ્યું 'પ્રભુ, અત્યારે ક્યાં પધારો છો?'

શ્રીજી મહારાજે કહ્યું, ''અમે અહીં એકવાર હુતાસણીમાં સમૈયો કરેલો. ત્યારે ઝીણાભાઇને વરદાન આપલું કે આ ગામ-માં જે કોઇ મરશે તેને અમારા દૂતો લેવા આવશે. અમારા આ વચનમાં શ્રદ્ધા રાખી એક ચામઠો અમારી સામૈયાની જગામાં આવીને રહ્યો છે. અત્યારે એની આવરદા પૂરી થઇ છે. એટલે અમે એને લેવા જઇએ છીએ.''

શ્રી સહજાનંદ સ્વામીનાં આ વચન સાંભળી અદીબાને ભારે આશ્ચર્ય થયું! તેમને મહારાજની આવી કરુણા જોઇ 'પ્રભુ, કરુણાસાગર છે!' એ શાસ્ત્રવચનમાં શ્રદ્ધા થઇ. **स्त्रियो वैश्यास्तथा शुद्रास्तेऽपि यान्ति परां गतिम्।**

શ્રદ્ધા રાખીને પ્રેમપૂર્વક પ્રભુનું સ્મરણ કરનાર કોઇ પણ જીવનો હાથ પ્રભુ ઝાલે છે, પછી ભલે તે ગમે તે જાતિપાતિનો હોય. એક ચામઠા જેવા શુદ્ર જાતિના જીવનો ઉદ્ધાર કરવા ખુદ પ્રભુ પોતે પધાર્યા ને એને પોતાના ધામમાં તેડી ગયા! શ્રદ્ધાનું કેવું બળ!

ooo ooo ooo

મહાભારતના યુદ્ધનો આવો જ એક અદ્‌ભુત પ્રસંગ છે. કુરુક્ષેત્રના સમરાંગણમાં, પાંડવો ને કૌરવોની સેના સામસામે ખડી છે. યુદ્ધની તૈયારીનાં દુંદુભી વાગી રહ્યાં છે! લાખ્ખો યોદ્ધાઓ પરસ્પરને મારવા—મરવા તૈયાર થઇને ઊભા છે.

એમાં કોણ બચશે ને કોણ મરશે, તે તો કોણ કહી શકે? એક ભગવાન જ. બીજું કોણ?

આવા ઘમસાણવાળા યુદ્ધક્ષેત્રમાં એક ટીટોડીએ માળો કર્યો છે. માળામાં એનાં બચ્ચાં છે. જમીન ઉપરનો આ માળો ઘડીમાં રોળાઈ જાય એવી પરિસ્થિતિ છે. કોઈ હાથી, ઘોડા કે યોદ્ધાના પગની ઠેસ વાગી જતાં કેટલી વાર? આટલા મોટા રણક્ષેત્રમાં એક ટીટોડી ને તેનાં બચ્ચાંની રક્ષાનો વિચાર પણ કોણ કરે?

પરંતુ ભગવાન કરુણાસાગર છે. ટીટોડીને શ્રદ્ધા છે કે ભલેને મહાસાગરનાં મોજાઓની જેમ અહીં યોદ્ધાઓ ઉછાળા મારે. શસ્ત્રાસ્ત્રોની ઘમસાણ મચે ને હજારો હાથી, ઘોડાઓ ને યોદ્ધાઓ રણમાં રોળાઈ જાય. પરંતુ ભગવાન મારું ને મારાં બચ્ચાઓનું અવશ્ય રક્ષણ કરશે, કરશે ને કરશે જ. સાચી શ્રદ્ધા વિપરિત પરિસ્થિતિમાં પણ ડગતી નથી.

અને પ્રભુએ ટીટોડીની આ શ્રદ્ધાનો જવાબ વાળવો જ રહ્યો. એક અદ્‌ભુત ઘટના બની! યુદ્ધ માટે ઉન્મત બનેલો એક હાથી રણમાં દોડી રહ્યો હતો. તેના ગળામાં એક મોટો ઘંટ એને પાનો ચઢાવવા માટે બાંધેલો હતો. કંઈક એવું અકળ બન્યું કે આ ઘંટ દોડતા હાથીના ગળામાંથી તૂટી પડ્યો! ને પડ્યો તે પણ આ ટીટોડીના માળા ઉપર જ. એવી અજબ રીતે કે ન તો આ માળો છૂંદાયો કે ન તો ટીટોડીના બચ્ચાં કે ટીટોડી દબાયાં. આ મોટો ઘંટ ટીટોડીના માળાનું જાણે કે બખ્તર બનીને પડ્યો. માળો ને ટીટોડી સહીસલામત બની ગયાં! આ રહસ્યમય ઘટનાને કોણ જાણે? ફક્ત ભગવાન કૃષ્ણ જ—આ સમગ્ર ઘટનાના ઘડવૈયા—એમનાથી આનું રહસ્ય થોડું અજાણ્યું રહે?

પછી તો મહાભારતનું યુદ્ધ થયું. અઢાર અક્ષૌણિ સેનાનો



સંહાર થઈ ગયો. અનેક હાથી, ઘોડા ને રથોનો ઘાણ નીકળી ગયો. યુદ્ધમાં બચ્યા કેવળ પાંચ પાંડવો ને છઠ્ઠા ભગવાન કૃષ્ણ. અર્જુનને થયું કે મારી શક્તિના આધારે આ યુદ્ધ જીતાયું! ભગવાન જેવા ભગવાન સખા હોવા છતાં જીવનો અહંભાવ કેવો પ્રબળ છે કે અર્જુનના મનમાં આ ભાવ ઊઠ્યો. હું હતો તો મારા ભાઈઓનો બચાવ થયો, નહિ તો કૌરવોના હાથે તેઓ ક્યાંય રોળાઈ જાત.''

ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનનો આ અહંભાવ પામી ગયા! એ તો પ્રભુ—અંતર્યામી! અર્જુનના મનની વાત એમનાથી શી રીતે અજાણી રહી શકે!

એમને થયું, અર્જુનના અહંનું નિરસન કરવું જરૂરી છે, એમણે અર્જુનને લઈ મહાભારતના યુદ્ધમેદાનમાં ચાલવા માંડ્યું. અર્જુને પૂછ્યું, ''પ્રભુ! આપ મને ક્યાં લઈ જાઓ છો એ તો કહો.''

ભગવાને કહ્યું, ''અર્જુન, જેણે મારામાં વિશ્વાસ મૂક્યો છે, તે પરિપૂર્ણ થયો છે તે નહિ, તે જરા જોઈ લઉં.'' અર્જુનને કંઈ સમજાયું નહિ, છતાં તેણે મૌન ધારણ કરી, ભગવાન કૃષ્ણ શું કરે છે તે જોયા કર્યું.

ભગવાન કૃષ્ણ તેને રણમેદાનના એક ભાગમાં લઈ ગયા, જ્યાં આસપાસ હજારો યોદ્ધાઓના શબો વેરવિખેર પડેલાં હતાં, કોઈના હાથ ભાંગ્યા હતા, તો કોઈના પગ, કોઈનાં ધડ તો કોઈનાં શિર. એવો જ બધે પથરાયેલો પડ્યો હતો રથોનો ભંગાર ને આયુધોના ટુકડાઓનો ગંજ. યોદ્ધાઓના અહંના પ્રતીક સમાં. સમગ્ર રણમેદાન મોતના તાંડવસમું ભાસતું હતું. ક્યાંય પણ જીવનનો લવલેશ ધબકારો વરતાતો ન હતો. અર્જુનને થયું આ

મડદાઓના ઢગ વચ્ચે શ્રીકૃષ્ણ મને ક્યાં લઈ જઈ રહ્યા છે!

ત્યાં તો શ્રી કૃષ્ણે ઊભા રહીને અર્જુનને પણ પોતાની પાસે આવવા ઈશારત કરી. અર્જુન પાસે આવતાં થોડે દૂર મડદા-ઓના ઢગ વચ્ચે એક મોટો ઘંટ પડેલો હતો, તેને ઊંચકવા ભગવાન કૃષ્ણે કહ્યું. અર્જુનને પણ આશ્ચર્ય થયું! આ ઘંટ ઊંચકવાની શી જરૂર? પરંતુ એણે પ્રભુની આજ્ઞાનું પાલન કર્યું અને એની નીચે એણે જોયું તો એ અવાક્ બની ગયો! તેણે ટીટોડી અને તેના બચ્ચાંને માળામાં સહીસલામત બેઠેલાં જોયાં. આશ્ચર્યથી પૂછાઈ ગયું, "પ્રભુ, આ શું? આટલા ઘમસાણમાં, આ રણક્ષેત્રની વચ્ચે, આ ઘંટની નીચે એ શી રીતે બચ્યાં?"

ભગવાન શ્રી કૃષ્ણે હસીને કહ્યું, "અર્જુન, આ ટીટોડીની મારામાંની શ્રદ્ધાએ એમને બચાવ્યાં છે. બાકી કોણ કોને મારી શકે કે કોણ કોને બચાવી શકે? માનવી ફોગટ ફુલાય છે કે મેં આ કર્યું, મારા વગર આ થાત જ નહિ. સાચી વાત એ છે કે પ્રભુ જ સર્વ કાંઈ કરે છે. ફક્ત એ કોકને એનું નિમિત્ત બનાવે છે, એટલું જ."

અર્જુનને ઘડી પહેલાં પોતાને થયેલો અહંભાવ યાદ આવ્યો. હવે એને પ્રતીતિ થઈ કે મહાભારતના યુદ્ધમાં જે કોઈ મરાયા તે મારી શક્તિથી નહિ, પરંતુ પ્રભુની શક્તિથી જ. હું તો કેવળ નિમિત્ત જ. ને તેનો અહંભાવ ઓગળી ગયો!

બીજી જ ક્ષણે ભગવાને રણમેદાનમાંથી પાછા ચાલવા માંડ્યું. કારણ, અર્જુનના અહંભાવને ઓગળવાનો ને ટીટોડીની શ્રદ્ધા-ની પરિપૂર્ણતાના હેતુઓ સિદ્ધ થઈ ગયા હતા.

○



# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

'આને ચમત્કૃતિ નહિ તો બીજું શું કહેવું?' વસુદેવના અંતરમાંથી એકાએક ઉદ્‌ગાર નીકળી પડ્યા : 'આવી અ-સાધારણ ચમત્કૃતિનું દર્શન તો મારા સમસ્ત જીવનમાં કદી પણ નથી કર્યું. આવી ચમત્કૃતિની કલ્પના પણ નથી આવી.'

વસુદેવે આજુબાજુ બધે દૃષ્ટિ ફેરવી. કોઈ પોતાને જોતું તો નથી?

પરંતુ સર્વત્ર ઘોર અંધકાર અને એની વચ્ચે ક્યાંક ક્યાંક ઝળહળતા પ્રશાંત પ્રદીપ સિવાય બીજું કશું જ ના દેખાયું.

એમને શાંતિ વળી.

સંપૂર્ણ નિર્ભયતા તથા નિશ્ચિંતતાપૂર્વક એમણે અંદર પ્રવેશ કર્યો ને દેવકીની સોડમાં પેલી સુકન્યાને સુવાડી દીધી.

દેવકી વસુદેવની વાત સાંભળીને સ્વાભાવિક રીતે જ વિસ્મય પામી ને ખૂબ જ પ્રસન્ન થઈ.

એણે કહ્યું :

'આપણે ત્યાં પરમકૃપાળુ પરમાત્માએ જ પુત્રરૂપે અવતાર લીધો છે એટલે જ આવી આશ્ચર્યકારક ઘટનાઓ બની શકી છે. આવી શક્તિ કોઈ સામાન્ય માનવની ના જ હોઈ શકે.'

'એના જન્મ પહેલાંનો અનુભવ એની સાક્ષીરૂપ છે.' વસુ-દેવે જણાવ્યું; 'આપણું મહાન સદ્‌ભાગ્ય કે આપણે ત્યાં આવા લોકોત્તર મહાન પુત્રનું પ્રાકટ્ય થયું. કંસનો નાશ કરવા જન્મેલો એ બાળક કંસના ક્રૂર હાથમાંથી હવે જરૂર બચી જશે.

એની શક્તિ કંસ કરતાં હજાર ગણી વધારે છે. એની પ્રતીતિ થઇ ગઇ. પરંતુ આ કન્યા...એની ચિંતા મને સ્વાભાવિક રીતે જ થઇ રહી છે. કંસ એને જીવતી નહિ રહેવા દે.'

દેવકી કશું ના બોલી.

એને એ ભય વાસ્તવિક લાગ્યો.

વસુદેવની વાત સાચી હતી એમાં એને શંકા ના રહી.

એની કાયા કંપી ઊઠી.

કંસે અત્યાર સુધી કોઇયે બાળક પર દયા નથી કરી : એના દિલમાં દયાનો છાંટો પણ નથી; એટલે આ કમનીય કન્યા પર એ દયા કરે એવી આશા જ ના રાખી શકાય.

એટલામાં તો કન્યાએ રુદન કર્યું.

એ રુદન કે ક્રંદનથી કારાવાસની બધી જ દીવાલો કંપી ઊઠી.

એના શ્રવણ સાથે જ ચોકીદારો જાગી ઊઠ્યા.

કારાવાસના દરવાજા બંધ હતા. એ દરવાજાને ભેદીને બહાર આવતા કરુણ ક્રંદન પરથી એ સમજી ગયા કે દેવકીને સંતાનપ્રાપ્તિ થઇ ચૂકી છે.

એમનામાંથી એક ચોકીદારે જઇને કંસને ખબર પહોંચાડી.

કંસ તો એ સમાચાર સાંભળવા અત્યંત આતુર હતો.

છેલ્લા કેટલાય દિવસથી એના બધા વિચારો ને ભાવો એ સંતાન પ્રત્યે જ વહેવા લાગેલા. એના મન પર એની જ ચિંતાએ અધિકાર કરેલો.

દેવકીને સંતાનપ્રાપ્તિ થઇ છે એવા સમાચાર સાંભળતાં જ એ અટ્ટહાસ કરીને બોલ્યો :



'આકાશવાણીએ કહ્યા પ્રમાણેનો મારો દુશ્મન જન્મી ચૂક્યો? એનો અવતાર થઇ ચૂક્યો? એ તો મારો નાશ કરવા માટે જ જન્મવાનો હતો. હવે જોઉં છું કે એ મારો નાશ ક્યારે ને કેવી રીતે કરે છે! મારો નાશ કરવાની શક્તિ છે જ કોનામાં? એવો કોઇ પુરુષ આ પૃથ્વી પર જન્મી શકે એવું મને નથી લાગતું. છતાં પણ જો જન્મ્યો હોય તો જરા જોઇ લઉં તો ખરો કે એ કોણ છે!

એના શરીરમાં અસાધારણ સામર્થ્ય પેદા થયું.

(ક્રમશઃ)

નવા ઘરનું સરનામું–ફોન નોંધી લેશો

ડૉ. હિમાંશુ પાઠક

**યોગકૈવલ્યમ્**

સરદાર પુલ પાસે, જૂની પાણીની ટાંકી પાછળ,
જલભવન ગલી, પાવાપુરી એપાર્ટમેન્ટ સામે,
અડાજણ રોડ, **સુરત**–૩૯૫૦૦૯.
ફોન : (૦૨૬૧) ૨૮૬૩૬૩૬, ૨૬૯૫૫૧૮
મોબાઈલ : (હિમાંશુ) ૯૮૨૪૫૧૮૮૬૩
(મીરાં) ૯૪૨૬૪૩૯૬૨૪
E:mail: modernyogee@hotmail.com
www.Indianyog.com